


વર્ષ : ૨૪ ઓક્ટોબર : ૨૦૦૨ અંક : ૧

## * ભજ ગોવિંદમ્ *

ગોવિંદને ભજવાની જરૂરત જીવનમાં ઘણી જ છે. એ ભજવું એટલે કેવળ બોલવાનું કે ગાવાનું નથી પણ જીવનમાં ઉતારવાનું છે. જીવનને ઈશ્વરાભિમુખ બનાવવાથી માણસને અપાર યશ મળી શકે છે. જીવન જ્યારે ઈશ્વરાભિમુખ બનશે ત્યારે આપણા દર્દોનો કાયમી રામબાણ ઇલાજ સાંપડી જશે. જો બધા જ સાચા ધર્મનું આચરણ કરે તો સંસારમાંથી અનીતિ, અન્યાય, અધર્મ ટળી જાય ને સત્યતા, પ્રેમ, સહકાર કે નિર્ભયતા માણસ માત્રમાં આવી જાય. આજે જે અન્યાય કે ઘર્ષણ થઇ રહ્યાં છે તેનાં બાહ્ય કારણો ગમ તે હોય, મૂળભૂત માનવનો સ્વાર્થ, મદ ને લાલસા છે. સાચા ધર્મના આચરણદ્વારા એ એબ ટળી જાય છે, ને માનવ નિઃસ્વાર્થ, નમ્ર ને સત્યપરાયણ બને છે. આ માટે ધર્મનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ નથી. તે ધર્મનો સ્વીકાર થયો એટલે જગતનું એક માત્ર ચેતનતત્ત્વ ઈશ્વરનો પણ સ્વીકાર કરવો જ પડવાનો, કેમ કે માણસના વ્યક્તિગત વિકાસની પૂર્ણતાને માટે તેવો સ્વીકાર આવશ્યક છે. ઈશ્વર પૂર્ણતા, મુક્તિ, શાંતિ એ બધાનું બીજું નામ છે, ને માનવજીવનનો આદર્શ તે જ છે. પૂર્ણતાના એવા અંતિમ આદર્શના સ્વીકાર વિના જીવનને તેના વિકાસનો અર્થ નથી રહેતો.

**યોગેશ્વરજી**


# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫–૦૦**

વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

⊗ **સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).

⊗ **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.

⊗ **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઈ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.

⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**

⊗ **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી–૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| દીપોત્સવીની શુભકામનાઓ | તંત્રી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૫ |
| મુંડક ઉપનિષદ્ | મહાત્મા યોગેશ્વરજી | ૧૦ |
| પ. પૂ. મા સર્વેશ્વરીની સહજ લીલાઓનું દર્શન | મંજુલા ભાવસાર | ૧૭ |
| જડાવમાંથી જ્યોતિર્મયી બનેલા માતૃજીવનની સ્મરણયાત્રા | નારાયણ હ. જાની | ૨૩ |
| ગાર્ગીએ યાજ્ઞવલ્ક્યને પૂછેલા બે વેધક પ્રશ્નો | પ્રો. લક્ષ્મેશ જોષી | ૩૧ |
| શ્રીમદ્ ભગવદ્ગીતા અને ગાંધીજી | ડૉ. શાન્તિકુમાર એમ. પંડયા | ૩૫ |
| ગુરુકૂંચી | યોગેશ્વરજી | ૪૭ |
| જીવનમાં આચરવા જેવા | — | ૪૮ |
| સ્વર્ગારોહણ–એક ઉત્કૃષ્ટ સાધનાભૂમિ | સાધકરામ | ૪૯ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૫૯ |


# * અભિનંદનીય સહાય *

શ્રી વાસુદેવ શ્રી પદ્માબેન–[એડમન્ટન–કેનેડા]
શ્રીઅંબેલાલ શ્રી હંસાબેન–[ટોરન્ટો–કેનેડા]
શ્રીપ્રભુદાસ શ્રી રૂક્ષ્મણીબેન–[ટોરન્ટો–કેનેડા]

**કેનેડાની આ ત્રીજી શિબિરની પૂર્ણાહુતિ પ્રસંગે આ ભક્ત ત્રિપુટીના મનઅંતરે શુભસંકલ્પ જાગ્યો. અધ્યાત્મમાસિકનો ઓક્ટોબર ૨૦૦૨ ના અંક-નો આર્થિક ભાર અમે સાથે મળીને ઉપાડીશું.**

**પૂ. શ્રી ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના ચરણકમળમાં પૂ. મા સર્વેશ્વરીની કૃપા–પ્રેરણાથી અર્પણ કરી રહ્યા છીએ.**

* * *

**હે ભક્ત ત્રિપુટી આપનું સર્વ પ્રકારે સર્વ મંગલ થાઓ એવી પ્રાર્થના.**

**અતિશય મોંઘવારીમાં આપ જેવા થાંભલાઓના ટેકાથી અધ્યાત્મની ઈમારત ૨૨ વર્ષથી ગૌરવ સાથે ઉન્નત મસ્તકે ઊભી છે. એથી પણ આપ અભિ-નંદનના અધિકારી છો.**

**આભાર–અભિનંદન–આશીર્વાદ પ્રભુના.**

— મા સર્વેશ્વરી.

## * દીપોત્સ્વીની શુભકામનાઓ *

વિક્રમ સંવત ૨૦૫૮ નું વર્ષ તા. ૪ નવેમ્બર-૨૦૦૨ ના રોજ વિદાય લઇ રહ્યું છે અને તા. ૫-૧૧-૨૦૦૨ ના રોજ સંવત ૨૦૫૯ નું નવું વર્ષ શરૂ થાય છે. તેથી અધ્યાત્મના ગ્રાહકો અને વાંચકો-ને પ. પૂ. મા સર્વેશ્વરી, સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ અને અધ્યાત્મ તરફથી દીપોત્સ્વી તહેવારો સરસ રીતે ઉજવાય અને ૨૦૫૯ નું નવું વર્ષ સહુ માટે ભૌતિક તેમ જ આધ્યાત્મિક ક્ષેત્રે ઉન્નતિ, સુખ અને સર્વ પ્રકારે શાન્તિ લાવનારું નીવડો એવી પ્રભુપ્રત્યે પ્રાર્થના છે. દેશ અને દુનિયાની આજની પરિસ્થિતિમાં માનવોનાં મન બહુ જ બહિર્મુખ અને અશાંત થઇ રહેલાં જણાય છે, તો હે પ્રભુ, તે મનો શાન્તિ પામો અને અંતર્મુખ બનો એવી મંગલ કામના.

—તંત્રી

○



# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૪ ઓક્ટોબર-૨૦૦૨ અંક : ૧

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૨૩/૯/૮૧ બુધવાર, ભાદરવા વદ દશમ, ૨૦૩૭

સ્થળ : ગીતાભવનથી બર્મિંગહામ શહેર, ઈંગ્લેન્ડ.

આજે વાતાવરણ સારું છે. જ્યાં ઉતારો છે ત્યાં પાછળ વિશાળ બગાચા જેવી જમીન જોવા મળે છે. મોટાં મોટાં વૃક્ષો છે પણ તે શાનાં છે તે ઓળખી શકાતું નથી. પક્ષીઓ શાક, ભાજી કે ફળો બગાડે નહીં તે માટે બગીચામાં ચાડીયા જેવું પણ કપડા પહેરાવીને ઊભું કર્યું છે.

આજે વરસાદ નથી. ઠંડી પણ નથી. પૂ. શ્રીએ સ્નાન કરી પોતે પોતાના કપડાં ધોઇ લીધાં છે. સર્વેશ્વરી આજે ફરી અસ્વસ્થ છે જેથી વિશેષ આરામ કરીને નોંધ લખે છે.

પૂ. શ્રીએ વ્યાયામ કરી લીધો. લેખન શરૂ થયું. વચ્ચે ગરમ મસાલાવાળું દૂધ પીધું. સાડા અગિયાર સુધી લેખન ચાલુ જ રહ્યું.

આજની મુલાકાતમાં ખાસ નોંધ ન હતી. સમયસર ભોજન માટે જવાનું બને છે.

શ્રી દીનાનાથ પાઠક દરરોજની જેમ ભોજન સમયે જ્ઞાનની જ ચર્ચા કરે છે. તેઓ ગીતાભવનથી ઘણા દૂર રહે છે. વળી તેમની પાસે કોઇ સાધન નથી જેથી ત્રણ બસ બદલીને તેઓ પ્રવચનમાં આવી શકતા નથી. આજે ભોજન સમયે સ્વામી રામતીર્થની વાતો થઇ.

ભોજન બાદ ઉતારા ઉપર આવી ગયા. આરામ. સાંજે પૂ. શ્રી ફરી લેખન કરે છે. સાંજની પ્રાર્થના પણ કરી લે છે.

આજે લેસ્ટર ને રગ્બીથી શ્રી કાન્તિભાઇ શ્રી અંબાલાલભાઇ-ના ફોન હતા. બંને ભાઇઓ ભાવિક છે.

આજે પણ સર્વેશ્વરી પ્રવચનમાં જતાં નથી. આરામ જ કરે છે. પ્રવચન બાદ ખીચડી બનાવીને લેવામાં આવે છે. તે પછી આરામ.

બર્મિંગહામમાં ધંધાના ક્ષેત્રમાં ગુજરાતીઓ, પંજાબીઓ, મુસ્લીમો પણ છે. પોતાની દુકાનોના નામ ગેટવે ઓફ ઇન્ડીયા, મિલન, બોમ્બે, કોહીનૂર વિગેરે પણ આપે છે તે વાંચવા મળે છે. ઘણા પેટ્રોલપંપ તો ઘણા સ્વેટરોની ફેક્ટરી પણ ધરાવે છે.

અહીં કાઉન્સિલમાં ગુજરાતી કોઇ નથી. ગુજરાતીઓની કોઇ સંગઠન થયેલી સંસ્થા પણ નથી.

જે ભાઇ દરરોજ ભોજન માટે ગાડીની સેવા આપે છે તે ભાઇ બર્મિંગહામમાં વરસોસુધી શિક્ષક હતા પરંતુ રંગભેદની નીતિ-ને લીધે તેમને શાળામાં પ્રમોશન મળતું ન હતું. જેથી તેમણે તે વ્યવસાય છોડી પોતાનો ચોક્સીનો ધંધો ચાલુ કર્યો હતો. તે ભાઇ સાથે અહીંના જીવનની ઘણી ઘણી નવી વાતો જાણવા મળે છે.



**તા. ૨૪/૯/૮૧ ગુરુવાર, ભાદરવા વદ અગિયારસ, ૨૦૩૭**
**સ્થળ : ગીતાભવનથી બર્મિંગહામ શહેર, ઇંગ્લેન્ડ.**

આજે અગિયારસ છે. માતાજીના સ્વર્ગવાસને આજે એક વરસ થયું. પૂ. શ્રીના મનઅંતરમાં માતાજીની સ્મૃતિ રમી રહી. સાડા અગિયારે પૂ. શ્રી લેખન પૂર્ણ કરે છે. રૂમમાં આંટા મારે છે. આંટા મારતા મારતા પૂ. શ્રીને માતાજીનું સહજ સ્મરણ ચાલુ જ રહ્યું. પૂ. શ્રી કહેવા લાગ્યાઃ–પહેલાં ઘણું કષ્ટ માતાજીએ વેઠયું. પિતાજીના સ્વર્ગવાસ પછી માતાજી પચાસ જેટલાં વરસ રહ્યાં. દેવપ્રયગમાં માતાજી પોતાને માટે થોડું દૂધ લાવતાં. પછીના વરસોમાં પણ ખાસ એવા સત્સંગ થતા ન હતા. એટલે મદદ પણ ખાસ ન મળતી. મસૂરીમાં પાછળથી થોડું સારું રહ્યું.

દેવપ્રયાગની કુટિયામાં મારે તો મૌન હોય. માતાજી કોની સાથે વાતો કરે? નીચે બહાર કુટિયામાં બેસી રહે. કોઇક હિન્દીમાં વાત કરે પણ પોતે પૂરું સમજી ન શકે.

દર અગિયારશે સંગમ ઉપર સ્નાન કરવા જતાં. સંસારમાં ઘણા પતિના મૃત્યુ પછી જીવે પણ માતાજી જુદી જ રીતે જીવ્યાં. તપશ્ચર્યામાં સહકાર આપ્યો. સત્સંગનો લાભ લીધો. હિમાલયમાં પણ રહ્યાં. પરદેશ પણ આવ્યાં.

હિમાલય મારે પ્રથમવાર જવાનું થયું, ત્યારે વિરોધ ન કર્યો. ભાગ્ય સારું કે તેઓ વરસો પછી મારી સાથે રહ્યાં. ૧૯૫૦ પહેલાં ઘણું કષ્ટ પડયું. પછી પાસે જ રહ્યાં એટલે ઘણી નિરાંત રહેતી.

જુઓને, જીવ ક્યાં જાય છે, કંઇ ખબર પડે છે? સૂક્ષ્મરીતે રહે તે આપણને જુએ કે ન જુએ. કેવી ઈશ્વરની લીલા છે!

પૂ. માતાજીનાં પવિત્ર સ્મરણો પૂ. શ્રીના અંતરમાં સંવેદન જગાડે છે. થોડીવાર બાદ દૂધફળ લીધાં.

દૂધ પીતાં પીતાં પૂ. શ્રી કહેવા લાગ્યા. માતાજીના તારીખ અને તિથિ પ્રમાણેના બંને દિવસો આજ રીતે ફળદૂધ ઉપર જ રહીશું. થોડો આરામ કર્યો.

આજે પૂ. શ્રીની અંદર પહેરવાની ખાદીની બંડી ગેસના હીટરપાસે સૂકવેલી તે બળી જતાં બચી ગઇ. પીળારંગનો ડાઘો પડી ગયો.

આ દેશમાં કપડાં સૂકવવાની ખાસ સગવડ જોવા ન મળે. જે ઘરને વાડા જ ન હોય તે ક્યાં સૂકવતા હશે? તપાસ કરતા ખબર પડી કે અહીં દરરોજ જ સ્નાન કરનારા ઓછા. અઠવાડિયે જે કપડાં ગંદાં થયાં હોય તે કપડાં હીટર પાસે સૂકવી દે અથવા મશીનમાં પોતાના ખર્ચે સાબુ નાંખીને ધોઇ નાંખે અને મશીનમાં જ સૂકવી પણ નાંખે.

આ ઉતારા ઉપર કપડાં દરરોજ ધોવાતું બનતું, પણ વાડો ન હોવાથી ગેસના હીટરપાસે ખુરશી મૂકી તેના ઉપર કપડાં નાંખીએ, જેથી બે ત્રણ કલાકમાં સૂકાઇ જાય.

સાંજે પ્રવચનમાં આજે બેસવાનું બન્યું. બે ભજનો પણ ગવડાવ્યાં. પ્રવચન બાદ આરામ.

આજે થોડો વરસાદ પણ હતો. વરસાદ સાથે ઠંડો પવન જો હોય તો તે ઠંડાપવનથી બચવું જરૂરી છે. નહીંતર તરત જ તાવ શરદી ચાલુ થઇ જાય.

આ દેશમાંથી હવે થોડા જ દિવસો પછી વિદાય લેવાનું બનશે. શિસ્તપાલન, શાંતિ, સ્વચ્છતા, નિયમિતતા વગેરે ધ્યાન ખેંચે એવાં લક્ષણો સ્મરણીય છે.

**તા. ૨૫/૯/૮૧ શુક્રવાર, ભાદરવા વદ બારસ, ૨૦૩૭**

**સ્થળ : ગીતાભવનથી બર્મિંગહામ શહેર, ઇંગ્લેન્ડ.**

આજે દરરોજની જેમ સમયસર સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ, લેખન થયું. સર્વેશ્વરી પણ દરરોજની જેમ ગીતાપાઠ, માળા, રામાયણપાઠ કરે છે.



આજે ભોજન માટે શ્રી પાઠકજીને ત્યાં જવાનું દરરોજની જેમ બને છે. યજમાનપત્ની શ્રી ઇન્દિરાબેન સાહિત્યની ચર્ચા કરે છે. તે બેન શ્રી અરવિંદને વધુ શ્રદ્ધાથી જુએ છે. આજે પૂ. શ્રી પાસે તે બેન હસ્તાક્ષર લે છે. પછી સર્વેશ્વરી સાથે વાત કરતાં તે બેન કહેવા લાગ્યાં યોગેશ્વરજી જ્યારથી મારે ત્યાં આવે છે ત્યારથી મને એમનામાં શ્રી અરવિન્દ જ દેખાયા કરે છે.

આ વાત સાંભળી સર્વેશ્વરીએ સૂરતના એક પ્રતિષ્ઠિત મહિલા-ને પૂ. શ્રીના શરીરમાં માતાજી દેખાયાં કરે છે. તે વાત કરે છે.

ભોજન બાદ ઉતારા ઉપર આવી જવાનું બને છે. થોડો આરામ. લેખન થયું.

સમયસર પ્રવચન થયું. પ્રવચન બાદ આરામ.

આ દેશમાં એવી પણ શિક્ષણસંસ્થાઓ છે, જેમાં એક વર્ગમાં ફક્ત છ જ બાળકો ભણે. તેમના ઉપર વિશેષ ધ્યાન અપાય. તે સંસ્થામાં ભણનાર બાળકને વાર્ષિક સાઠથી સીત્તેર હજાર રૂપીયા-નો ખર્ચ થાય છે.

નાના બાળકોને પોતાની જે શાળા હોય ત્યાં ફરજીયાત દૂધ પીવાનું હોય છે. આખા દિવસમાં નક્કી કરેલી માત્રામાં બાળકે દૂધ પીવું જ પડે છે.

આ દેશમાં બાળકોના આરોગ્યની ખૂબ કાળજી લેવાય છે.

(ક્રમશઃ)

# મુંડક ઉપનિષદ્

મહાત્મા યોગેશ્વરજી

## (૨) ચોટલી, ચાંલ્લા ને તિલકનું મહત્ત્વ

જીવનની કોઈ પણ પ્રવૃત્તિ કરતાં પળે પળે માણસે પ્રભુ-પરાયણ થતાં શીખવાનું છે. જીવનના ધ્યેયને તેણે સદા યાદ રાખવાનું છે. એ ધ્યેય પ્રવૃત્તિમાં પડેલો માણસ સહેલાઈથી ભૂલી જાય. એટલે તેની યાદ માટે ભારતીય સંસ્કૃતિમાં કેટલીક ધર્મ-ક્રિયાઓ, કેટલાંક પર્વો ને કેટલાંક ચિહ્નો કે કેટલીક વિધિઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. ચાંલ્લા કે તિલક કરવાની વિધિ પણ એવી જ જાતની વિધિ છે, તેનો ખ્યાલ બહુ ઓછા માણસોને હશે. તેની પાછળના વૈજ્ઞાનિક રહસ્યનો વિચાર પણ ભાગ્યે જ કોઈને આવ્યો હશે.

તિલક સામાન્ય રીતે ધર્મ કે સંપ્રદાયના ચિહ્ન તરીકે મનાય છે, ને ચાંલ્લાને સૌભાગ્યના પ્રતીક તરીકે જ મોટે ભાગે માનવામાં આવે છે. કેટલાક તેને અંધશ્રદ્ધા ને ગાંડપણમાં પણ ખપાવે છે, તો કોઈ તેને જુનવાણીની નિશાની માની તેના વિરોધ ખાતર કપાળને ખુલ્લું રાખવાનું જ પસંદ કરે છે. પરંતુ મારી દૃષ્ટિએ તેમાં ભારતીય જીવનના આદર્શની એક વિશેષ ફિલસૂફીનો પડઘો પાડવામાં આવ્યો છે, અથવા બીજા શબ્દોમાં કહીએ તો સંસ્કૃતિના એક મહાન સંદેશનો સમન્વય કરવામાં આવ્યો છે, ને તે દૃષ્ટિએ તેનું મહત્ત્વ ઘણું વધારે છે. ચાંલ્લાને પરિણીત જીવન કે સૌભાગ્ય-ના ચિહ્ન તરીકે માનવાની પદ્ધતિ આપણે ત્યાં ચાલી આવે છે.



તેની સામે કોઈ વિરોધ કરવાની આપણી ઇચ્છા નથી. પરંતુ તે પદ્ધતિ બરાબર નથી. ચાંલ્લો કુમારિકા પણ કરી શકે છે, કરે છે જ. તેથી તેને પરિણીત જીવનનું પ્રતીક માનવામાં ભૂલ થાય છે. જો તે સૌભાગ્યનું જ ચિહ્ન હોય તો પરણેલી સ્ત્રી જ તેને ધારણ કરત ને કુમારિકા તેથી દૂર રહેત. પરંતુ વ્યવહારમાં તેવું નથી થતું. તેથી સ્ત્રી માત્રનો તેના પર અધિકાર માની સૌભાગ્યની કલ્પનાથી તેને અલગ રાખવાની જરૂર છે. તેની પાછળ જે સાંસ્કૃતિક કે યૌગિક ફિલસૂફી છે તેનો વિચાર આપણે ટૂંકમાં કરીએ.

યોગશાસ્ત્ર પ્રમાણે શરીરમાં શક્તિનાં છ કેન્દ્ર મુખ્ય છે. તે ચક્ર પણ કહેવાય છે. પહેલું કેન્દ્ર કે ચક્ર કરોડરજ્જુની નીચેના ભાગ-માં છે તેને મૂલાધાર ચક્ર કહે છે. ત્યાં કુંડલિની શક્તિનો વાસ છે. બીજું ચક્ર નાભિ પાસે નાભિચક્ર કહેવાય છે. ત્રીજું હૃદયપ્રદેશમાં, ચોથું કંઠના મૂળ સ્થાનમાં, પાંચમું બે ભ્રમરની મધ્યમાં આજ્ઞા ચક્ર ને છઠ્ઠું છેલ્લું ચક્ર મસ્તકની પાછળના ભાગમાં—આધુનિક વિજ્ઞાન જ્યાં લટકતું મગજ માને છે ત્યાં—છે. તે સહસ્રદલ ચક્ર કે સહસ્રાર કહેવાય છે. યૌગિક પદ્ધતિ પ્રમાણે સહસ્રદલ ચક્રમાં શિવ એટલે પરમાત્માનો વાસ છે. છેક નીચે આવેલા મૂલાધાર ચક્રમાંથી કુંડલિની શક્તિને જુદાં જુદાં સાધનોના પ્રભાવથી જાગ્રત કરી, માર્ગમાં આવતાં વિવિધ ચક્રોમાંથી પસાર કરી, સાધકે ઠેઠ મસ્તક-માં લઈ જવી પડે છે. ત્યાં સહસ્રદલ ચક્રમાં પરમાત્મા સાથે તેનું મિલન થતાં સાધક મુક્તિનો આનંદ અનુભવે છે ને પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે એમ કહેવાય છે.

એટલે યોગની સાધનામાં મૂલાધારવાસિની કુંડલિની ને સહસ્ર-દલમાં રહેલા પુરુષ સાથે એક કરવાનાં ખાસ સાધનોનો નિર્દેશ

કરવામાં આવ્યો છે. શક્તિનો શિવ સાથે અથવા પ્રકૃતિનો પુરુષ સાથે મેળાપ કરાવવાના ઉપાય બતાવવામાં આવ્યા છે. સાધકે સદા યાદ રાખવું પડે છે કે સાધનાની સહાયથી સર કરવાનું મુખ્ય શિખર કે સ્થાન મસ્તકનું સહસ્રદલ ચક્ર છે. તેને શરીરનું એવ-રેસ્ટ શિખર પણ કહી શકાય. તેની સ્મૃતિ માટે સહસ્રદલ ચક્રના સ્થાનમાં જ ચોટલી રાખવાની પ્રથા શરૂ થઇ હતી. ત્રિકાળ સંધ્યા કરતાં, પ્રાણાયામ કરતાં ને બીજી વિધિ વખતે ચોટલી ને જનોઇ-ની જરૂર પડતી. શિખાબંધનનો મંત્ર પણ બોલાતો. તેને લીધે માણસને સદા યાદ રહેતું કે જીવનમાં ગમે તે પ્રવૃત્તિ કરવામાં આવે તોપણ સાધના કરીને પહોંચવાનું મુખ્ય સ્થાન એ છે. શરીરમાં તે સ્થાન મહત્ત્વનું ને મંદિરના શિખર જેવું મંગલ છે. શિખારૂપી પતાકાની નીચે પરમાત્માનું મુખ્ય નિવાસસ્થાન છે. શિખા રાખવાની પ્રથા જેમ કેટલાક લોકો અજ્ઞાનને લીધે આજે માને છે તેમ કોઇ અંધશ્રદ્ધા કે ઘેલછાનો નમૂનો ન હતી. પરંતુ એક મહાન પ્રજાના મહાન તત્ત્વજ્ઞાનની સૂચના કે અભિવ્યક્તિ હતી. ને તેથી જ, જ્યારે માણસ મસ્તકના એ પ્રદેશ સુધી પહોંચીને પરમાત્માને જાણી લેતો ત્યારે તેને માટે શિખાનું બંધન ન રહેતું. તે પરમહંસ કહેવાતો. સંન્યાસીને માટે તેથી જ શિખાનું વિધાન નથી રાખ્યું. સંન્યાસી એ ઉત્તમ અવસ્થાએ પહોંચ્યો હશે કે પહોંચવાના પ્રામાણિક પ્રયાસ કરતો હશે એમ મનાતું. ચોટલીને બાંધેલી રાખવાની પ્રથા એટલા માટે પડેલી કે તે દ્વારા માણસને રોજ યાદ રહેતું કે અવિદ્યાની ગાંઠે આ જ રીતે જીવ બંધાયેલો છે. તેથી તે બહુ દુઃખી છે. આ ઉત્તમ સ્થાનમાં પહોંચવાથી તે ગાંઠ પૂર્ણપણે તૂટી જશે ને જીવનનું મંગલ થશે. તે માટે સદા સાવધ રહીને સાધના કરતા રહેવાની જરૂર છે. આ વાત આજે મોટે



ભાગે ભૂલાઇ ગઇ છે. ચોટલી રાખનારા ઘટવા માંડયા છે. તેમાંના કેટલાક ચોટલીની લંબાઇ ને પહોળાઇની હરીફાઇમાં પડી ચોટલા-ના મોહમાં પડયા છે. જે રાખે છે તે પણ ચોટલીની જુદી જુદી ફેશનને મહત્ત્વ આપે છે. વસ્તુ શા માટે શરૂ થઇ ને તેની પાછળ શી વિચારધારા છે તેને સમજવા માગનારા જ ઓછા છે. સમજનારા એથીય ઓછા ને સમજાવી શકનારા તો અત્યંત ઓછા—અલ્પ નહિ પણ સ્વલ્પની સંખ્યામાં રહી ગયા છે. જુન-વાણી કે જડ પરંપરાને નામે આ પ્રથાને વગોવનારા જ વધારે છે. ને તે વગોવાય તેમાં નવાઇ પણ શી છે? માણસ વિવેકી નહિ તોપણ કૈંક અંશે બુદ્ધિવાદી ને તર્કબદ્ધ બનવા માંડયો છે, બુદ્ધિ-નો ઉપયોગ કરવા તે સદા તૈયાર રહે છે. તેવા માણસને આપણે પણ બુદ્ધિવાદીની ઉપેક્ષા કર્યાવિના બને તેટલી બુદ્ધિશક્તિથી ખૂબ સહાનુભૂતિ રાખીને સમજાવવાનો પ્રયાસ કરવાની જરૂર છે. ધરમ ને તેનાં રહસ્યો તો જ લોકપ્રિય બનશે ને જીવતાં પણ ત્યારે જ રહી શકશે.

આટલી વાત સમજાઇ હોય તો હવે આગળની વાત સમજતાં વાર નહિ લાગે. મસ્તક ને કપાળને અત્યંત ગાઢ સંબંધ છે એમ માનવામાં આવે છે. તે વાત યોગદર્શન પણ સ્વીકારે છે. મૂલા-ધારમાં રહેલી કુંડલિની શક્તિને સાધનાદ્વારા બે ભ્રમરની મધ્યમાં રહેલા શક્તિના કેન્દ્રસુધી લાવવામાં આવે એટલે સાધકને અનેક અલૌકિક અનુભવો થવા માંડે છે ને તેનું આગળનું કામ અત્યંત સહેલું થઇ જાય છે. પછી તે કુંડલિની સહસ્રદલ ચક્રમાં જતાં વાર નથી લાગતી. એટલે બે ભ્રમરની વચ્ચેના સ્થાનને ખૂબ જ મહત્ત્વનું માનવામાં આવે છે ને ચિત્તની વૃત્તિને ત્યાં એકાગ્ર કરવાના પ્રયાસ પણ થાય છે. એ સ્થાને પહોંચવું જરૂરી છે, ત્યાં

પહોંચવામાં સાધનાનું શ્રેય સમાયેલું છે, ને ત્યાં પહોંચવાની સાધના માટે જ જીવન છે, એ વાત સહેલાઈથી યાદ રાખવા માટે રોજિંદા જીવનમાં એ સ્થાનના ઉપયોગની વિધિ જરૂરી મનાઈ. તેથી જ તે સ્થાનમાં ચાંલ્લા ને તિલકની પ્રથા શરૂ થઈ. કન્યા નાની હોય ત્યારથી જ તેને ચાંલ્લાની ટેવ પાડવામાં આવતી ને આજે પણ આવે છે. પુરુષો મોટે ભાગે ને વિવિધ રીતે તિલક કરે છે. તે કરતી વખતે રોજ સવારે, બપોરે, સાંજે કે ગમે તે સમયે સ્મૃતિ થાય છે કે શરીરમાં આ સ્થાન ખાસ મહત્ત્વનું છે. ત્યાં પરમાત્માનો વાસ છે ને તે પરમાત્માના પ્રત્યક્ષ અનુભવ માટે જ આ શરીર ને માનવજીવન છે.

બીજી વાત એ છે કે કપાળ બુદ્ધિ, વિચારશક્તિ કે ચિંતનનું પ્રતીક છે. મગજનું તે પ્રતિનિધિ છે. તેની શાંતિ, સ્વચ્છતા ને સ્થિરતા પર સમગ્ર જીવનની શાંતિ, સ્વચ્છતા ને સ્થિરતા અવલંબે છે. તે જો બળવો કરે કે બગડે તો જીવન બેડોળ બની જાય છે. એટલે ચંદનાદિથી તિલક કરતી વખતે તે શાંત, સાફ ને સમૃદ્ધ રહે તેવી ભાવના કરવી રહે છે. રોજરોજ એવી ભાવના કરવાથી જાગૃતિ ને સાવધાની કેળવાય છે ને મદદ મળે છે.

ચાંલ્લા ને તિલકની આવી મૂળ મહત્ત્વની ભાવના આજે મોટે ભાગે ભૂલાઈ ગઈ છે. આજે તો તેને એક રૂઢિ, રુચિ કે શોખનું રૂપ ધારણ કર્યું છે. ચાંલ્લા આ જમાનામાં અનેક જાતના નીકળ્યા છે ને નીકળતા જાય છે. તેવી રીતે તિલક પણ ભાતભાતનાં જોઈ શકાય છે. મોટે ભાગે તે સાંપ્રદાયિકતાનાં કટ્ટર ચિહ્ન થઈ પડયાં છે ને કેટલીક વાર રાગદ્વેષ પણ જગાવે છે. ચાંલ્લા ને તિલક શૃંગાર, રુચિ ને સાંપ્રદાયિકતાનાં ચિહ્નો થાય તેનો આપણને વાંધો નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિએ તેમાં ઓતપ્રોત કરેલી કે



ભરેલી ભાવના પણ ન ભૂલાય તે જરૂરી છે. એ ભાવનાનો વિચાર કરીએ છીએ ત્યારે આપણી સંસ્કૃતિ ને આપણા મહાપુરુષો માટે આપણને ખરેખર માન ઉત્પન્ન થાય છે. જીવનને ઉજ્જ્વલ ને પ્રભુમય બનાવવાની વાત નિરંતર યાદ રહે તે માટે તેમણે રોજિંદા જીવનની સામાન્ય ક્રિયાપદ્ધતિઓને પણ સારગ્રાહી કરી દીધી, એ સાર યાદ કરીને આપણે તે પ્રમાણે જીવન બનાવવાનું જ બાકી રહે છે. જે પ્રજા પોતાના જીવનધ્યેયનું સદા સ્મરણ રાખે છે તેનું કદી પતન નથી થતું—તે કદાચ પતનાભિમુખ થાય તોપણ ફરી બેઠી થાય છે. તેનો છેક વિનાશ નથી થતો. જીવનધ્યેયનું સમરણ કરતાં જે તે પ્રમાણે ચાલે છે તેની મહાનતામાં કદી સંદેહ નથી રહેતો. તેનું ભાગ્ય સદા ઉજ્જ્વળ જ રહે છે.

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭
ફોન : ૩૨૨૮૨૩૧

શરણાગત શિષ્યના અંતરના અજ્ઞાનરૂપી અંધકારને કાયમને માટે દૂર કરનાર અને એને દિવ્યચક્ષુ દેનાર ગુરુને શાસ્ત્રોએ 'બ્રહ્મા'ની સાથે સરખાવ્યા છે, વિષ્ણુ બરાબર માન્યા છે, શંકર કહી બિરદાવ્યા છે અને એટલાથી સંતોષ ન પામતાં એથી પણ આગળ વધીને સાક્ષાત્ પરબ્રહ્મ કહી બતાવ્યા છે. એની પાછળ કેવળ અંધશ્રદ્ધા અતિશયોક્તિ કે ભાવુકતા નથી, પરંતુ વાસ્તવિકતા છે. દ્વંદ્વાતીત થયેલા એ પરમાત્મદર્શી સદ્ગુરુની શક્તિનો જીવનમાં અનુભવ કરી ચૂકેલા પુરુષોએ ગુરુનો આ મહિમા ગાયો છે એટલે એમાં સંદેહને કોઇ અવકાશ નથી.

—યોગેશ્વરજી

O

સૌજન્ય :

જ્યોતિષ વિષયક સચોટ માર્ગદર્શન
ધાર્મિક પૂજન વિધિ
કોમ્પ્યુટરાઇઝ્ડ જન્માક્ષર

✆ 436216
435371

|| મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય ||

પ્રોફેસર શ્રી વિજયભાઇ પંડિતજી
જ્યોતિષાચાર્ય, ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ (M.S.U.)
૨૦૧/બી, 'સ્નેહસુધા', સુરસાગર સામે, મ્યુઝિક કોલેજની બાજુમાં,
દાંડીયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧. ફેકસ : ૯૧(૨૬૫) ૪૩૫૩૭૧
Website : www.vijaybhaipanditji.com
E-mail : vijaybhaipanditji@hotmail.com



### પ. પૂ. મા સર્વેશ્વરીની

# સહજ લીલાઓનું દર્શન

મંજુલા ભાવસાર

### સદ્બુદ્ધિ માટે પ્રાર્થના

શ્રી રેવાશંકર પુરોહિત પૂ. મા પાસે દર્શને આવે છે. પૂ. મા–પ્રભુના ભક્ત છે. સ્વર્ગારોહણની સેવા માટે તત્પર રહે છે. સ્વર્ગારોહણના કાર્યો નિષ્ઠાપૂર્વક કરે છે. તેઓ સામાજિક કાર્યકર અને વેપારી છે. સરકારી કચેરીઓમાં જઇને નાની મોટી કામગીરી સહજ રીતે કરી શકે છે. એટલે જ પૂ. મા સ્લેટપર લખે છે 'તમારી આવી સેવાવૃત્તિને કારણે જ પૂ. શ્રીએ સ્વર્ગારોહણ સ્થાનની પસંદગી અંબાજીમાં કરી. વડોદરા, હરિદ્વાર અને અનેક જગ્યાઓ જોઇ પણ અહીં પસંદગી કરી. માટે સેવાનો જુગાર ખેલો.' શ્રી રેવાશંકર ચૂંટણીમાં ઊભા રહી સક્રિય રાજકારણમાં જોડાવા માટે પૂ. માનું માર્ગદર્શન માગે છે. પૂ. મા જણાવે છે કે, 'રાજકારણમાં રહીએ તો કેવી લક્ષ્મી આવે?, મૃત્યુનો સતત ભય રહે, રાજકીય અને અનેક પ્રકારના વેરઝેર જન્મે, વેરવાળવાની વૃત્તિ આવે, (પૂ. મા હાથ જોડી કહે) આવામાં શા માટે પડવું? બદલો લેવાની કે વેરવૃત્તિ રાખવી તેના કરતાં તો સદ્બુદ્ધિની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરવી સારી.'

### પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા

સવારની પ્રણામ બેઠક પછી પૂ. માના ખંડમાં મારે જવાનું થાય છે. પૂ. મા હીંચકાપર બિરાજ્યાં છે. હાથમાં ગૌમુખી છે. હું પૂ.

માને પ્રણામ કરું છું. પૂ. માનાં નયનકમળનાં દર્શન કરવામાં આનંદ આવે છે. પૂ. મા આંખ ખોલતાંની સાથે સ્લેટપર લખે છે કે 'આંખ ખુલતાની સાથે કોઈ પંક્તિ કે પ્રાર્થનાનું સતત ગાન અંતરના અંતરતમમાં થતું હોય છે. આખો દિવસ કોઇ પણ કામ કરતાં કરતાં તે સંભળાય છે. જે પંક્તિનું રટણ થાય છે તે 'પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા' પંક્તિ છે. પૂ. મા લખે છે કે 'ક્ષમા કરો, સાથે રાખો, દર્શન આપો, જીવન સંગાથી'ની જેમ તે ગાન પણ સતત સંભળાયા કરે છે.' અમારાથી સહજ પ્રાર્થના થઇ જાય છે કે હે મા, આપની આ અવસ્થાને કોટિ પ્રણામ, આપ અમારા પર કૃપા કરજો, હાથમાં કામ હોય પણ અંતરમાં તમારું અખંડ સ્મરણ રહે તેમ કરજો.

## લક્ષ્મીનો સદ્ઉપયોગ

પ્રભાબેન પટેલે પૂ. માના ચરણે લક્ષ્મી ધરી. તેનો સદ્ઉપયોગ કેવો કર્યો તેની વાત પૂ. મા પ્રભાબેનનો ફોન પૂ. માપર આવ્યો ત્યારે કરે છે. એક ભાઇ પૂ. માના દર્શને આવે છે. તે પ્રામાણિક છે. ગૃહસ્થાશ્રમ પ્રામાણિકપણે ચલાવતાં ચલાવતાં દેવું થઇ ગયું. આ સમાચારથી પૂ. માનું હૃદય કરુણાથી છલકાયું. પ્રભાબેને જે રકમ પૂ. માને ધરી હતી તે રકમ તે ભાઇને દેવું ફેડવા અર્પણ કરી. પ્રામાણિકતાની કેડી કંડારવામાં લક્ષ્મીનો સદ્ઉપયોગ થયો. પ્રભાબેનની સત્કાર્યની ભાવના પૂરી થઇ. સુપાત્રને લક્ષ્મી મળ્યાથી પ્રભાબેનને પુણ્ય મળ્યું, શાંતિ મળી અને દુઃખી લોકોની હાશ મળી. અમારાથી પ્રાર્થના થઇ ગઇ 'ઘુઘવતા સંસાર સાગરમાં અમને તારનાર હે મા–પ્રભુ શાંતિ, પ્રસન્નતા, આનંદ અને સત્કાર્યોમાં અમને મસ્ત રાખજો.'



## ભક્તવત્સલતાને પ્રણામ

સ્વર્ગારોહણમાં શ્રી બીપીનભાઇ, શ્રી પંડિતજી, શ્રી સ્નેહલ, શ્રી મધુભાઇ, શ્રી વિજયભાઇ, શ્રી મુક્તાબેન પૂ. માના દર્શને આવે છે અને પોતાના ઘેર જવા વિદાય લે છે. એ દિવસોમાં અમદાવાદ અને અન્ય શહેરોમાં કોમી તોફાનો હોય છે. એટલે પૂ. માને ચિંતા છે. પૂ. મા સૂચના આપે છે કે અમદાવાદ પહોંચીને ફોન કરવો અને રૂટ બદલાય તો બે કલાકબાદ ફોન કરવો. પૂ. માના ભક્તો ઉંમરમાં ગમે તેટલા મોટા હોય પણ પૂ. માને મન તેઓ બાળકો જ છે અને એટલે ચિંતા રહે છે, ચિંતા કરે પણ છે. અમદાવાદ પહોંચ્યાનો ફોન આવે છે ત્યારે પૂ. માને ચિંતા ઓછી થાય છે. અમારાથી સહજ પ્રણામ થઇ જાય છે અને મનોમન બોલાઇ જાય છે કે હે મા! તારી ભક્તવત્સલતાને પ્રણામ.

## મજૂરોને દાન

સ્વર્ગારોહણમાં બાંધકામ ચાલે છે. મજૂરોની સંખ્યા ૨૫ થી ૩૫ હોય છે. પરદેશથી સાડી, ટી–શર્ટ, પેન્ટ, ડ્રેસ વગેરે આવેલાં છે. પૂ. મા વ્યવસ્થિત રીતે તેને ગોઠવાવે છે. મજૂર બહેનોને સાડી અને ભાઇઓને શર્ટ પૂ. મા આપે છે. સાથે રૂ. ૫૦/– અને પ્રસાદ પણ આપે છે. શ્રમજીવી ભાઇબહેનો માટે પૂ. માને અપાર કરુણા છે. અમદાવાદના સત્યપથમાં મજૂરો હોય કે અંબાજીના સ્વર્ગારોહણમાં શ્રમજીવી હોય પૂ. મા તે બધાને દરરોજ બિસ્કિટ, ચોકલેટ, ફળ, શીરો, લાડુ, ગાંઠિયા, મોહનથાળ વગેરે પ્રસાદરૂપે ધરીને પોતાની કરુણા વહાવ્યાં કરે છે. સ્વર્ગારોહણના રસોઇઘરમાં કામ-કરનાર રસોયાને પણ પૂ. મા જાતે કપડાં અને પ્રસાદ આપે છે. શ્રમજીવીઓ અને આર્થિક રીતે નબળા લોકોને પૂ. મા કરુણાની દૃષ્ટિથી જોઇને મદદરૂપ થવાનો રાહ સહજ રીતે બતાવે છે.

## શ્રી સુરેશભાઇ શાહને આશીર્વાદ

સ્વર્ગારોહણમાં કેનેડાથી શ્રી સુરેશભાઇ શાહનો ફોન પૂ. મા પર આવે છે. પૂ. મા–પ્રભુના ઘણા જૂના યજમાન ભક્ત છે. તેઓએ ટોરન્ટોમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર સ્થાપેલું છે. આ ધ્યાન કેન્દ્ર વટવૃક્ષ સમાન થયું છે. શ્રી સુરેશભાઇ ફોનપર તેમના જન્મ-દિને પૂ. મા પાસે આશીર્વાદ માગે છે. પૂ. મા ફોન પર પૂછે છે 'કેટલામું વર્ષ બેઠું?' શ્રી સુરેશભાઇ જણાવે છે કે '૬૪ મું'. પૂ. મા કહે '૪૬ વર્ષના યુવાન લાગો છો.' શ્રી સુરેશભાઇ પૂ. માને ૧૩ નવેમ્બર ૨૦૦૨ ના રોજ (પૂ. માનો જન્મદિવસ છે) કેનેડા પધારવા વિનંતી કરે છે. પૂ. મા તેની વિનંતી સ્વીકારે છે. સ્વર્ગા-રોહણના મજૂરો અને અપંગ શાળાના બાળકોને ભોજન કરા-વવાના સત્કાર્યની વાત થાય છે. પૂ. મા કહે કે આ લોકોને એવું ભોજન કરાવીશ કે ખાનારને પણ યાદ રહે અને ખવડાવનાર (શ્રી શાહ) પણ યાદ કરે. શ્રી સુરેશભાઇની ૬૪ વર્ષની ઉંમરને બદલે ૪૬ વર્ષના યુવાન દેખાવા બદલ ઉંમર ઘટાડીને દીર્ઘાયુષ્યના સહજ આશીર્વાદ ધર્યા, સારું સ્વાસ્થ્ય મળે અને નિરોગી દીર્ઘ જીવન મળે તે માટે જન્મદિવસને સત્કાર્યનો પાવન પ્રસંગ બનાવ્યો.

## વડીલોને સન્માનવાની–અનોખી સૂક્ષ્મરીત

એક સાંજે વડોદરાથી સ્વર્ગારોહણમાં પૂ. મા પર પૂ. માના મોટાબહેન શ્રી શારદાબેનનો ફોન આવે છે. શ્રી શાંતિભાઇ કને-રિયા ફોનપર તેઓ સાથે વાત કરે છે. શ્રી શાંતિભાઇ સાથે વાત થયા પછી જ પૂ. માના ખંડમાં તે ફોન અપાય છે. પ્રથમ મેં (મંજુલાબેન) વાત કરી, ત્યારબાદ દમયંતીબેન વાત કરે છે. પૂ. મા કહે 'શ્રી શાંતિભાઇ માનનીય વ્યક્તિ છે, વડીલ છે, શારદાબેન



પણ વડીલ છે. જ્યારે વડીલો વાતો કરતા હોય તો વચ્ચે વાત કરવી તે શિસ્તની દૃષ્ટિએ યોગ્ય નથી.' શ્રી શાંતિભાઇ અને શારદા-બેન ફોનપર વાતો કરતાં હતાં ત્યારે હું વચ્ચે પડીને ફોનપર 'જય કૃપાળુ મા' કહેવા જતી હતી ત્યારે પૂ. માએ મને તેમ કરતાં અટકાવી અને વડીલો સાથે યોગ્ય વર્તન કરવાની સૂક્ષ્મરીત શીખવી.

## વસ્તુનો પૂર્ણ ઉપયોગ કરો

સવારે પૂ. માના ખંડની સફાઇ કરી રસોડામાં કામ કરું છું. પૂ. મા ઈશારાથી અગરબત્તીનું પૂછે છે. હું જવાબ આપું છું કે 'કપડાને ગડી વાળતાં ચાદરનો છેડો અગરબત્તીને અડેલો એટલે અગરબત્તી ઠરી ગયેલી.' એ ઠરેલી અગરબત્તી બીજા દિવસ સુધી પડી રહેલી. પૂ. મા આ અગરબત્તીને ફરી સળગાવવા કહે છે. પૂ. માની ભાવના એવી કે અગરબત્તી હોય કે અન્ય કોઇ વસ્તુ તેનો ઉપયોગ બરાબર થવો જોઇએ. આપણી ટેવ એવી હોય છે કે અડધી ઉપયોગમાં આવેલી વસ્તુને કચરામાં ફેંકી દઇએ છીએ. પૂ. માએ નાની વાતને પણ મોટી કરી બતાવી. અડધી ઉપયોગમાં આવેલી વસ્તુનો પૂર્ણ ઉપયોગ કરવાથી વસ્તુ કે પૈસાને બચાવી શકાય છે.

## સંયમી છતાં ઉદાર

પૂ. મા પ્રણામ બાદ જાતે જ સંતરાનો રસ તૈયાર કરી આરોગે છે, એક પેશી ખજૂર અને થોડું માખણ લે છે. ઓછામાં ઓછા વાસણનો ઉપયોગ કરે છે જેથી સાફ કરવામાં વધારે પાણી ન વપરાય. પાણીની ખેંચ છે એટલે વપરાશમાં સંયમ ખૂબ રાખે છે.

પૂ. મા વસ્તુનો સંગ્રહ કરે જ નહીં. સુપાત્રે તરત જ ધરી દે. દંતમંજનની બોટલ બે ભક્તને અને ચંપાબેનને એક પેસ્ટ આપે

છે. પૂ. માને ધરવામાં આવતી વસ્તુઓ પૂ. માનો સ્પર્શ પામી ભક્તોના કલ્યાણ-ઉપયોગ માટે અર્પણ થાય છે.

પૂ. મા માટે શેરડીનો રસ કાઢયો. પૂ. માએ તે લીધો નહીં કારણ કે તે લેવાની ઇચ્છા નહોતી. રસ ફ્રીજમાં જ રહી ગયો. પૂ. મા માટે ફ્રીજ ઊઘાડયું. રસના ગ્લાસપર દૃષ્ટિ પડી. તરત જ તે રસને પ્રસાદરૂપે શ્રી શાંતિભાઇને આપ્યો. કપૂરાથી આવેલાં ચીકુ પણ પ્રસાદમાં આપ્યાં. પૂ. મા યજ્ઞભાવે જ વસ્તુનો ઉપયોગ કરે. ફ્રીજમાં ફળોનો સંગ્રહ જરૂરિયાત મુજબ જ થાય. વધારાની વસ્તુ-નો તરત જ ઉપયોગ કરવા ભક્તને આપે. સારામાં સારી વસ્તુ કોઇ ભક્ત ધરે તો પૂ. મા તેને પહેલાં કોઇ ભક્તને પ્રસાદમાં આપે પછી જ ગ્રહણ કરે. પ્રણામ છે આપના આ દૈવી વ્યવહારને.

O

## સુધારો

અધ્યાત્મના સપ્ટેમ્બર-૨૦૦૨ ના અંકમાં 'પંદર ઓગસ્ટના કાર્યક્રમની ઝલકના લેખમાં પાના ૩૮ ઉપર ભોજન વિષે જે ઉલ્લેખ કરાયો છે, તે ભોજન કોઇ વ્યક્તિઓ તરફથી નહિ, પરંતુ કપૂરા ગામના ધ્યાનકેન્દ્રના ભાઇબહેનો તરફથી આયોજીત કરવામાં આવ્યું હતું, ક્ષતિ બદલ ક્ષમા યાચીએ છીએ.

— તંત્રી



જડાવમાંથી જ્યોતિર્મયી બનેલા

# માતૃજીવનની સ્મરણયાત્રા

નારાયણ હ. જાની

તા. ૪ થી ઓક્ટોબર પૂ. માતાજીની પુણ્યતિથિ છે. વળી પૂ. માતાજીનો સ્વર્ગવાસ પણ ભાવનગરમાં પૂ. ગુરુદેવ અને પૂ. મા શ્રીની દોઢ માસની સેવાઓ પામીને થયો હતો. અમને તેના સાક્ષી બનવાનો લ્હાવો મળેલો.

પૂ. માતાજીનું પૂર્વાશ્રમનું નામ જડાવબેન હતું. તેઓનું પિયર પણ સરોડાના વ્યાસ કુટુમ્બમાં. તે સમયે સરોડાનો બ્રાહ્મણ સમાજ રૂઢિચૂસ્ત અને કંઇક અંશે શૈક્ષણિક ક્ષેત્રે પછાત ગણાય તેવો. બ્રાહ્મણ પરિવારોમાં મોટાભાગના બ્રાહ્મણો ખેતી પણ કરતા. તો કેટલાક યજમાનવૃત્તિ ને કથાઓ કરતા.

આજથી સો વર્ષ પહેલાં આ ગામોમાં કન્યા કેળવણી ખાસ ન હતી, છતાં પૂ. માતાજીને ચારેક ચોપડીનું અક્ષરજ્ઞાન પ્રાપ્ત થયેલું લાગતું. તેઓ સારી રીતે ગુજરાતી લખી વાંચી શકતાં. છતાં અભ્યાસથી તેઓ ગુજરાતી સારું વાંચી અને લખી પણ શકતાં. શરૂઆતનાં વર્ષોમાં પૂ. શ્રી જ્યારે હિમાલયમાં સાધના માટે પધાર્યા, ત્યારે પૂ. માતાજી તેમને જાતે જ પત્ર લખતાં. એટલું જ નહિ પરંતુ પૂ. શ્રી સાથે ૧૯૫૧ પછી કાયમ માટે રહેવા આવ્યાં, ત્યારે પૂ. માતાજી પોતે રોજ-બ-રોજની બનતી ઘટનાઓની નોંધ પોતાની ડાયરીમાં લખતાં. આશ્ચર્ય પમાડે તેવી વાત તો એ છે કે પૂ. મહાત્માજીના સાન્નિધ્યે પૂ. માતાજીનો પણ ઘણો નોંધનીય

વિકાસ થયો એવું લાગે છે. નહિ તો રૂઢિચુસ્ત બ્રાહ્મણસમાજની એક ભરયુવાનીમાં વિધવા થયેલ સ્ત્રી પોતાના પુત્રની સાધનાને સાચી રીતે સમજે અને તેમાં સાથ આપે એ જ નવાઇજેવી વાત લેખાય.

બ્રાહ્મણોમાં નાની વયે છોકરીઓનાં લગ્ન કરી દેવાની પ્રથા ત્યારે હતી. એટલે પૂ. માતાજીનું લગ્ન પણ તેમાં અપવાદરૂપ શી રીતે હોઇ શકે? તે વિષે ચોક્કસ માહિતી નથી. છતાં એટલું કહી શકાય કે તેઓની ૧૮ વર્ષની ઉમ્મરે પૂ. શ્રીનો જન્મ થયેલો. અને તેઓશ્રી વિધવા થયાં ત્યારે તેઓનું વય માત્ર ૨૬ વર્ષનું હતું. તે દરમ્યાન તેઓને પૂ. શ્રી ઉપરાંત બે દીકરીઓ પણ હતી, જેમાંની નાની પૂ. શ્રીના પિતાના સ્વર્ગવાસ પછી પંદર દિવસોમાં જ ગુજરી ગયેલી.

પૂ. માતાજીની કસોટી લગ્ન સાથે જ શરૂ થઇ ગઇ હતી, કારણ કે તેમના પિતાજીના ઘરે ખેતીનો વ્યવસાય ન હતો, તો અહીં જીવનનો આધાર કેવળ ખેતી જ હતી. એટલે અહીં તેઓને ઘરકામ ઉપરાંત ખેતી કામ પણ કરવું પડતું. તેનો તેમને અભ્યાસ ન હતો. આમ છતાં પોતાના સહનશીલ સ્વભાવને લીધે, તેઓ તેમાં ગોઠવાઇ ગયાં હતાં.

વિધવા બન્યા પછી પૂ. માતાજીની ખરી કસોટી શરૂ થઇ. ઘરના કમાનાર મોભી રહ્યા ન હતા, તો બીજી બાજુ સાસુજી હિમ્મતવાળાં તો હતાં, પરંતુ સ્વભાવે આકરાં હતાં વળી તેમની બે દીકરીઓ જે આ જ ગામમાં જ પરણાવેલી હતી તેઓ પણ પૂ. માતાજીને સધિયારો આપવાને બદલે પરિતાપ વધારે કરાવતી. આમ સાંસારિક રીતે પૂ. માતાજીની પરિસ્થિતિ દુઃખદ હતી. તેમાં કોઇ



સધિયારારૂપ હોય તો એક પુત્ર–શ્રી ભાઇલાલ–(પૂ. યોગેશ્વરજી) જે માત્ર આઠ વર્ષનો જ તે વખતે હતો. અને તેને પણ અભ્યાસ અર્થે મુંબઇ મૂકવામાં આવ્યો.

ભગવાનને જ્યારે કોઇ વ્યક્તિને સંપૂર્ણપણે પોતા તરફ ખેંચી લેવી હોય ત્યારે તેના બધા સાંસારિક આધારો ખેંચી લે છે. અને આંતરિક રીતે મદદ કરવા તે પોતાની જાતને ગોઠવી દે છે. ત્યારે તે વ્યક્તિને ખબર સુદ્ધાં પડતી નથી કે કયી અદૃશ્ય શક્તિ તેના બાવડાંમાં બળ અને હૈયામાં હામ પૂરી રહી છે. પૂ. માતાજીના જીવનમાં પણ આમ જ બનતું ગયું.

ભગવાનને અહીં તો ડબલ કામ કરવાનું હતું. પૂ. માતાજીના જીવનમાં એવા કટુ પ્રસંગો યોજવાના હતા કે જેથી તેમને સંસાર-ના અસાર તત્ત્વની પૂરી પ્રતીતિ થઇ જાય. પરિણામે સાચો વૈરાગ્ય તેમના હૃદયમાં પ્રાદુર્ભાવ પામે. અને થયું પણ એમ જ.

જીવનમાં વિપરિત પરિસ્થિતિઓ અને સાંસારિક પરિતાપો સહન કરવાની પણ એક મર્યાદા હોય છે. આ ભેદરેખા જ્યારે ઓળંગાઇ જાય ત્યારે વ્યક્તિ ભાંગી પડી, જીવનનો અંત લાવવા-ની હદે પહોંચી જાય છે. પૂ. માતાજીની માનસિક સ્થિતિ વિધવા બન્યા પછીનાં વર્ષોમાં આવી જ કંઇક હતી. એટલે તો તેઓએ એકવાર પોતાની જાત ઉપર વિષપ્રયોગ કરેલો. પરંતુ પ્રભુની યોજના પ્રમાણે હવે જ તેમના જીવનનો જડાવમાંથી મા જ્યોતિર્મયી બનવા માટેનો ઘડતરકાળ શરૂ થતો હતો. એથી શ્રી બોધાનંદનામના એક સાધુના સમયસરના ઉપચારથી પૂ. માતાજીનું જીવન ત્યારે બચી જવા પામ્યું. આત્મકથામાં પૂ. શ્રીએ આનો ઉલ્લેખ કરેલ છે.

પૂ. માતાજીમાં બાળપણથી જ પોતાની માતા રૂખીબાના ધર્મ-

ના સંસ્કારો હતા. તે સંસ્કારોને લીધે જ તેઓ માટે જીવનમાં કપરો કસોટીકાળ આવ્યો, ત્યારે સહજ રીતે તેઓનું મન પ્રભુ તરફ વળ્યું. આ પ્રભુનું સ્મરણ જ તેમનો સાચો સહારો બન્યું અને તેઓનું આંતરિક કલેવર–બદલાતું ગયું, તે ત્યાંસુધી કે પોતાનાથી અલગ રહી મુંબઇની ઓરફનેઝમાં અભ્યાસ કરતા પોતાના એકના એક પુત્રે–જ્યારે પ્રભુપ્રાપ્તિ માટે સંસાર છોડી જવાનો પ્રસ્તાવ મૂક્યો, તો બીજી સાંસારિક માતાઓની જેમ, તેઓ ભાંગી ના પડયાં. વળી પૂ. શ્રીને કંઇક અંશે સમજતાં હોવાથી માતાજીએ પૂ. શ્રીની એ વાતમાં વિશ્વાસ કર્યો કે તેઓનો પુત્ર હિમાલય બાવો બનવા જતો નથી, પણ સાચા અર્થમાં પ્રભુને પ્રાપ્ત કરવા જઇ રહ્યો છે જો કોઇ સાંસારિક માતા પૂ. માતાજીની જગ્યાએ હોત, તો તેણે જરૂરથી ભારે વિરોધ કર્યો જ હોત.

આ કરતાં પૂ. માતાજીની આંતરિક ઉચ્ચતાની વિશેષ ખાતરી તો એ ઘટના પરથી મળે છે કે સંસારનો પરિત્યાગ કરી–પ્રભુપ્રાપ્તિ કે આત્મદર્શન માટે જતા યુવાન અને તેજસ્વી પુત્રને તેની પ્રભુપ્રાપ્તિની શોધ સફળ બને તેવી ભાવનાથી આ દેવહૂતી જેવી માતા પુત્રને પુષ્પહાર પહેરાવી, આશીર્વાદ ધરે છે. એથી તો પૂ. મા સર્વેશ્વરીએ પોતાના એક ભજનમાં માતા જ્યોતિર્મયીને અંજલિ આપતાં ગાયું છે કે :

લાડકવાયા પુત્રરત્નને પ્રભુપંથે પધરાવ્યા,<br>
ત્યાગ તમારો ધન્ય ગણીને દેવો પણ હરખાયા,<br>
જય જય જ્યોતિર્મય માતા, વંદુ માત ભવાની.

ખરે જ. પૂ. માતાજીનો આ ત્યાગ ભગવાન શંકરાચાર્યની માતાના ત્યાગ કરતાં જરાય ઉતરતો નથી.



પૂ. ગુરુદેવ હિમાલય સાધના માટે શરૂમાં ગયા ત્યારે પૂ. માતાજીને એક સાંસારિક બંધન હતું. એમનાં સાસુ વૃદ્ધ હતાં અને પ્રજ્ઞાચક્ષુ. એટલે એમની સારસંભાળ પૂ. માતાજીની નૈતિક અને સાંસારિક જવાબદારી હતી. પરંતુ તેઓના સ્વર્ગવાસ પછી એ બંધન દૂર થતાં પૂ. માતાજીને ગુરુદેવે પોતાની સાથે તેઓના જીવનના અંતસુધી રાખ્યાં; તેમ જ વિદેશની યાત્રાઓમાં પણ સાથે લઇ ગયા.

પ્રભુએ પૂ. માતાજી માટે જે અભિનય કરવાનો નિમિત કરેલો, તે તો તેઓશ્રીની સાધનાનાં સાક્ષી બની, તેમાં સમજપૂર્વકનો સહકાર આપવાનો હતો. પૂ. માતાજીએ તે ઉત્તમ રીતે કરી બતાવ્યો. તમે જરા વિચાર તો કરો કે દેવપ્રયાગના એકાંત અને કશી જ સુવિધાવિનાના સ્થાનમાં છ–સાત વર્ષસુધી પૂ. માતાજી કેવી રીતે રહી શક્યાં હશે? વળી પૂ. મહાત્માજી–તો પોતાની સાધનામાં એવા તો ડુબેલા રહેતા કે આખા દિવસમાં ભાગ્યે જ બેચાર વાક્યો બોલતા. વળી તેમાં પૂ. ગુરુદેવને ઉપવાસ કરવાના આત્મિક આદેશો મળે, ત્યારે પૂ. માતાજીને એકલા જ જમવાનું. આ તપ શું ઓછું?

પોતાનો યુવાન દીકરો તપ કરતો ભૂખ્યો રહેતો હોય, તો કયી માતાને પુત્રને ભૂખ્યો જોઇ અન્ન ખાવાનું મન થાય! એને ગળે એ અન્નનો કોળિયો જ કેમ ઉતરે! છતાં પૂ. માતાજીની સમજ એટલી બધી સારી કે તેઓએ આવા તપનો જરાય વિરોધ ના કર્યો, એટલું જ નહિ પરંતુ તેમાં સમજપૂર્વકનો સાથ આપ્યો. તેથી તો પૂ. શ્રીએ પોતાની માતાને પોતાની તપશ્ચર્યા દરમ્યાન પોતાથી અલગ રાખવાનો કે તેઓને બાધક માની દૂર રાખવાનો વિચાર- સુદ્ધાં ના કર્યો.

પૂ. શ્રી સાથે તે દિવસો દરમ્યાન રહેવું એ જ પૂ. માતાજીની સર્વોત્તમ સાધના બની ગઇ. તે એકાંતે સહજ રીતે તેઓને અંતરમુખી બનાવ્યાં અને પૂ. શ્રીની સાધનાના બળે એમનું આંતરિક ઘડતર થતું રહ્યું. તો પૂ. શ્રી કહેતા કે તે દિવસોમાં અમારી સાથે રહેવું જ એ જ મોટી કસોટીરૂપ તપશ્ચર્યા હતી. પૂ. માતાજીના અમારા પ્રત્યેના ઉત્કટ પ્રેમભાવને લીધે જ આવાં આકરાં કષ્ટો તેઓ સહી લેતાં. આ તેઓની અગ્નિપરીક્ષાનો કાળ હતો અને તેમાંથી પૂ. માતાજી સુંદર રીતે સફળ થઇને પાર ઉતર્યાં. આ છ સાત વર્ષના પૂ. શ્રી સાથેના વસવાટે તેઓની સુષુપ્ત આત્મિક શક્તિઓ જગાડી. સંસારની આસક્તિ છોડવી, સાચી આધ્યાત્મિક સમજનો તેઓમાં ઉદય કરાવ્યો. આમ પૂ. માતાજી સરોડાનાં જડાવ મટી મા જ્યોતિર્મયી બન્યાં, તો પૂ. મહાત્માજીને પણ એ સમજાયું કે બાહ્ય ત્યાગના નામે કે પરંપરાગત પ્રચલિત માન્યતાનો સ્વીકાર કરી, પોતાની જનેતાને માયા માની પોતાથી દૂર રાખવી ઉચિત નથી. સ્ત્રીને સ્ત્રી તરીકે જોવાને બદલે તેને જગજનનીના સ્વરૂપે નિહાળો તો તે કદી આધ્યાત્મિક સાધનામાં બાધક બનતી નથી. મૂળ દોષ નિરખવાની દૃષ્ટિનો છે તેને બદલે—તેનો દોષ સ્ત્રીજાતિને—નારી નરકની ખાણ કહી આપવામાં આવી રહ્યો છે.

પૂ. માતાજીનો સ્વભાવ પહેલેથી જ ઉદ્યમશીલ. એટલે પોતાનું જે થોડું ગુજરાતીભાષાનું જ્ઞાન હતું તે તેઓએ વધાર્યું. રામાયણ વાંચતાં, તો ગીતાનું ભાષાંતર વાંચતાં તેમાં જે સમજાતું તે જીવનમાં ઉતારવા મથતાં. પૂ. માતાજીની આ મથામણ પૂ. ગુરુદેવ સમજી ગયા. એટલે સરળ ગુજરાતીભાષામાં પૂ. શ્રીએ ભગવદ્-ગીતાનું કાવ્યમાં ભાષાંતર કર્યું. એ જ પૂ. શ્રીની અતિલોકપ્રિય બનેલી 'સરળગીતા'. પૂ. માતાજી તેમાં નિમિત્ત બન્યાં.



પૂ. ગુરુદેવ પણ ખૂબ સંવેદનશીલ વ્યક્તિ હતા. પૂ. માતાજીના ત્યાગને તેઓ સમજતા. એથી પોતાની સાધનામાંથી પ્રયત્નપૂર્વક સમય કાઢી શાસ્ત્રોની કેટલીક વાતો, તેમ જ સાચા જ્ઞાન, ભક્તિ કે વૈરાગ્ય શું કહેવાય તેની સમજ પૂ. માતાજીને આપતા. આથી જ ભગવાન કપિલની જેમ તેઓએ પણ પોતાની માતાનો ઉદ્ધાર કર્યો.

આમ આ મા–દીકરાનો સંબંધ જરાય સાંસારિક ન રહેતાં, આત્મિક અને દિવ્ય બની રહ્યો. આજના યુગમાં—બાહ્ય ત્યાગને નામે જ્યારે કેટલાક સંપ્રદાયો, ત્યાગીઓ ને સંન્યાસીઓ—ખુદ પોતાની જનેતાની—તેને માયારૂપ માની જે ઉપેક્ષા કરે છે—તેની સામે પૂ. શ્રીએ એક લાલબત્તી ધરી છે. પૂ. માતાજી તેમાં નિમિત્ત બન્યાં છે અને તે દ્વારા તેઓએ સ્ત્રી જાત માટે એક જનેતા તરીકે કેવું ગૌરવપૂર્ણ સન્માનનીય ને પૂજ્ય સ્થાન પ્રાપ્ત કરી શકાય તે બતાવ્યું છે.

પૂ. શ્રીની સાધનાનાં અનેક ઉત્તમ પાસાંઓમાંનું આ એક જરાય ઓછા મહત્ત્વનું પાસું નથી. દિવસો જતાં, પૂ. શ્રી માતાજીનો પૂ. શ્રી પ્રત્યેનો સાંસારિક ભાવ સદંતર નષ્ટ થઇ ગયો હતો. તેઓ તેમને એક સંત મહાત્મા તરીકે જ જોતાં. તો મહાત્માજી પણ પોતાના પક્ષે તેઓને જન્મ દેનારી સાંસારિક માતાને બદલે—જે જગદંબાની તેઓએ ઉપાસના ને આરાધના કરી, તેનાં જ પ્રતિનિધિ માની—તેમની સાથે તેવો આદરણીય વ્યવહાર કરતા. આ દર્શન ખરે જ આનંદ આપનારું બની રહેતું.

પૂ. માતાજીની ભાવનાની પૂર્તિ અર્થે પૂ. શ્રીએ સમગ્ર ભારત-નાં તીર્થોની યાત્રા તેઓને કરાવી. એટલું જ નહિ, પરંતુ પોતાની

વિદેશયાત્રાઓમાં પણ તેમને સાથે જ રાખ્યાં, ઇંગ્લેન્ડમાં કેથોલિક ચર્ચના એક આદરણીય પાદરીએ પોતાના અનુયાયીઓને યોગ વિષે માર્ગદર્શન આપવા પૂ. શ્રીનો યુરોપના દેશોમાંના ચર્ચોનો પ્રવાસ ગોઠવવાનો પ્રસ્તાવ મૂક્યો. પરંતુ તેમના નિયમ પ્રમાણે માતાજીને સ્ત્રીતરીકે સાથે ના રાખી શકાય. તે જાણતાં જ પૂ. શ્રીએ એ પ્રસ્તાવ ઠુકરાવ્યો. કેવો ઉત્તમ માતૃઆદર !

સાધનાકાળ દરમ્યાન અને તે પછી પણ પૂ. માતાજીએ ખૂબ પ્રેમપૂર્વક પૂ. શ્રીની સારસંભાળ રાખેલી તો પૂ. શ્રીએ પણ પૂ. માતાજીની લકવાની માંદગી પ્રસંગે મસૂરીમાં એકલે હાથે અને પૂ. માતાજીને અંતિમ દિવસોમાં ડાયાબિટીઝના પરિણામે એક ઇંજેક્શન પાકતાં–ભાવનગરના ઉતારાપર અને હોસ્પીટલમાં પૂ. મા શ્રી સર્વેશ્વરીસાથે મળી જે સેવા–શુશ્રૂષા કરી તે ખરે જ માતૃ-ભક્ત શ્રવણની યાદ અપાવે તેવી છે.

અંતે પૂ. માતાજીની વિદાય પછી તેઓશ્રીને ગીતો ને કાવ્યો-દ્વારા જે અંજલિ 'તર્પણ' કાવ્યસંગ્રહમાં પૂ. શ્રીએ આપી છે, તે એક ત્યાગી સંતની પોતાની જનેતાને આપેલી સર્વોત્તમ અંજલિ બની રહી છે.

જડાવમાંથી જ્યોતિર્મયી બનેલાં એ જનેતાનું આથી મોટું બીજું જીવન સાફલ્ય શું હોઇ શકે ! વંદન હો એ માતૃગૌરવ વધારનાર–જગજનની–મા જ્યોમેયીને અને એમના અનેરા સંતપુત્રને.

---



ગાર્ગીએ યાજ્ઞવલ્ક્યને પૂછેલા બે

# વેધકપ્રશ્નો

પ્રો. લક્ષ્મેશ જોષી

જનક રાજાની સભામાં ઘોષણા થાય છે. આ સભામાં જે બ્રહ્મનિષ્ઠ હોય, આત્મસાક્ષાત્કાર કરેલ હોય તે હજાર ગાયોને પોતાના આશ્રમમાં લઇ જાય. દરેક ગાયના શિંગડાંપર દસ–દસ તોલા સુવર્ણ બાંધેલું છે. ઘોષણા સાંભળીને રાજસભાના પંડિતોમાં થોડી વાર શાંતિ છવાઇ ગઇ. પછી યાજ્ઞવલ્ક્ય ઊભા થયા. તેમના શિષ્ય સામશ્રવાને આદેશ આપ્યો–આ ગાયોને આપણા આશ્રમમાં હાંકી જા. **ता ह उदाचकार। ते ह ब्राह्मणाः चुक्रुधुः–कथं नो ब्रह्मनिष्ठो ब्रुवीत?** તે ગાયોને, કહેવાય છે કે, શિષ્ય હાંકવા લાગ્યો. તેથી બીજા બ્રાહ્મણો ક્રોધે ભરાયા–આપણામાંના આ યાજ્ઞવલ્ક્ય પોતાને વળી બ્રહ્મનિષ્ઠ કેવી રીતે કહી શકે? જ્યાંસુધી બ્રહ્મ વિષેની ચર્ચામાં યાજ્ઞવલ્ક્ય સર્વશ્રેષ્ઠ સિદ્ધ ન થાય ત્યાંસુધી ગાયોને લઇ જઇ શકે નહીં.

જનક રાજાની સભામાં એક બાજુ એકલા યાજ્ઞવલ્ક્ય અને બીજી બાજુ કુરુ, પાંચાલ વગેરે પ્રદેશોના બધા જ પંડિતો અશ્વલ, આર્તભાગ, ભુજ્યુ વગેરે જેવા અનેક વિદ્વાનો યાજ્ઞવલ્ક્યને પ્રશ્ન પૂછે છે પ્રત્યેક પ્રશ્નનો જવાબ યાજ્ઞવલ્ક્ય આપે છે તે સભામાં ઉપસ્થિત ગાર્ગી નામની એક વિદૂષી યાજ્ઞવલ્ક્યની સામે ઊભી થાય છે. ક્ષત્રિય રાજકુમાર જેમ બે તીક્ષ્ણ બાણ હાથમાં લઇને, શત્રુની સામે ઊભો થાય તેમ, યાજ્ઞવલ્ક્યના જ્ઞાનના નાભિકેન્દ્રને વીંધી શકે તેવા બે વેધક પ્રશ્નો ગાર્ગી તેઓશ્રીને પૂછે છે. પ્રથમ પ્રશ્ન આ પ્રમાણે છે:–

હે યાજ્ઞવલ્ક્ય, દ્યુલોકની ઉપર અને પૃથ્વીની નીચે, દ્યુલોક અને પૃથ્વીલોક પોતે, તે બંને લોકની વચ્ચે જે કાંઇ છે તે, અને ભૂતકાલના, ભવિષ્યકાલના અને વર્તમાનકાલના બધા પદાર્થો, તંતુઓમાં વસ્ત્ર ઓતપ્રોત થઇને રહે તેમ, શેમાં ઓતપ્રોત થઇને રહેલા છે?

યાજ્ઞવલ્ક્યે ઉત્તર આપ્યો—આકાશ(Space)માં સર્વ પદાર્થો ઓતપ્રોત થઇને રહેલા છે. આ ઉત્તરનું તાત્પર્ય એવું જણાય છે કે પાર્થિવ, જલીય, તૈજસ, વાયવીય—આ બધા જ પદાર્થોનું મૂળ કારણ આકાશ છે. આ પ્રશ્ન ભૌતિકવિજ્ઞાનનો છે.

ઉત્તર સાંભળીને ગાર્ગી યાજ્ઞવલ્ક્યને નમસ્કાર કરે છે અને બીજા પ્રશ્નનો ઉત્તર આપવા સજ્જ થવા કહે છે. પરંતુ નવાઇની વાત એ છે કે ગાર્ગી પ્રથમ પ્રશ્ન જ ફરીથી પૂછે છે. તે જાણવા ઇચ્છે છે કે યાજ્ઞવલ્ક્ય કોઇક કર્ણપિશાચને સાધીને ઉત્તર આપતા તો નથી ને! કર્ણપિશાચની સહાયથી પ્રશ્નનો ઉત્તર એક જ વાર આપી શકાય! યાજ્ઞવલ્ક્યે ફરીથી એ જ ઉત્તર આપી દીધો.

હવે ગાર્ગીનો બીજો પ્રશ્ન : હે યાજ્ઞવલ્ક્ય, આકાશ (Space) શેમાં ઓતપ્રોત થઇને રહેલું છે? અર્થાત્ આકાશ શેમાંથી ઉત્પન્ન થયું? આ પ્રશ્ન **અધ્યાત્મ**નો છે. વસ્તુતઃ ચૈતન્યમાંથી—અક્ષરબ્રહ્મમાંથી કે આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું છે એમ યાજ્ઞવલ્ક્ય ઉત્તર આપવાના છે. પરંતુ અહીં એક મૂંઝવણ ઊભી થાય છે. જે માત્ર અનુભવથી જ જાણી શકાય તેવું હોય તેનું વર્ણન કરી શકાય નહીં. ગોળની મીઠાશ અને મધની મીઠાશ—આ બંને મીઠાશ વચ્ચેનો જે ભેદ છે તે ભેદને, શબ્દોથી વર્ણવીને કોણ સમજાવી શકે? એ તો માત્ર જીભપર મૂકીને અનુભવથી જ જાણી શકાય છે. તો પછી આકાશના કારણરૂપ માત્ર અનુભવગમ્ય અક્ષરબ્રહ્મને યાજ્ઞવલ્ક્ય વર્ણવે કઇ રીતે?



આમ સમજીને ન વર્ણવે તો, ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે **अप्रतिपत्तिः** (અજ્ઞાન) નામનું નિગ્રહસ્થાન ઊભું થાય અને યાજ્ઞવલ્ક્યને જવાબ આવડતો નથી એમ સભામાં સિદ્ધ થાય અને બીજી બાજુ શબ્દોથી જેનું વર્ણન કરવું શક્ય નથી તે અક્ષરબ્રહ્મનું વર્ણન કરવાનું શરૂ કરે તો ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે **विप्रतिपत्ति** (વિરોધી જ્ઞાન, અવર્ણ્યને વર્ણવવાનો દોષ) નામનું નિગ્રહસ્થાન આવી પડે. આમ યાજ્ઞવલ્ક્ય માટે ઉત્તર ન આપે તોપણ દોષ ઊભો થાય—આમને ઉત્તર આવડતો નથી; અને ઉત્તર આપવા જાય તો, અવર્ણનીયને વર્ણવવાનો દોષ આવી પડે. આને શૃંગાપત્તિ (dilemma)(—બે શિંગડાં વચ્ચે ભરાઇ પડવું—) કહે છે.

તેથી યાજ્ઞવલ્ક્ય સાવધાન બનીને ઉત્તર આપતાં કહે છે—**एतद् वै तद् अक्षरं गार्गि ब्राह्मणा अभिवदन्ति अस्थूलम्, अनणु...** (બૃહદારણ્યક ૩–૮–૮) એટલે કે હે ગાર્ગી, આ તે અક્ષરબ્રહ્મ વિષે, ખરેખર, બ્રહ્મને જાણનારા બ્રાહ્મણો કહે છે કે, તે અક્ષરબ્રહ્મ સ્થૂળ નથી, અણુ નથી, ટૂંકું નથી, લાંબું નથી; વગેરે. આવાં ત્રેવીસ નિષેધાત્મક વિશેષણો આપીને બ્રહ્મનું નિરૂપણ કરે છે. તે અવર્ણનીય બ્રહ્મને વિષે, અનુભવી વિદ્વાનો આમ વર્ણવે છે; હું યાજ્ઞવલ્ક્ય વર્ણવતો નથી. હું નથી જાણતો એમ પણ નહીં. આ રીતે યાજ્ઞવલ્ક્ય વિપ્રતિપત્તિ અને અપ્રતિપત્તિ (ઊલટું જ્ઞાન ધરાવવું અને ન આવડવું) એ બન્ને દોષોને દૂર કરે છે.

આ અક્ષરબ્રહ્મના શાસન નીચે સૂર્ય–ચંદ્ર બંને ઉદય–અસ્ત પામતા રહે છે. તેના શાસન નીચે દ્યુલોક, પૃથ્વી પોતપોતાનાં સ્થાને ટકી રહ્યાં છે. ગંગા, સિંધુ નદીઓ તે અક્ષરબ્રહ્મની આજ્ઞા પ્રમાણે વહે છે. મુહૂર્ત, દિવસ, માસ વગેરે સ્વરૂપે રહેલો કાલ તેના શાસન પ્રમાણે ચાલે છે. આ અક્ષરબ્રહ્મને જાણ્યા સિવાય જે યજ્ઞ કરે છે તેનું ફલ અલ્પ હોય છે. વળી, આ અક્ષરબ્રહ્મનો,

પોતાના આત્મા તરીકે અનુભવ કરીને શરીર છોડે તેને બ્રાહ્મણ કહેવાય. આનો અનુભવ કર્યા વગર જે મૃત્યુ પામે તેને કૃપણ (દયાપાત્ર) કહેવાય, હે ગાર્ગી, આ અક્ષરબ્રહ્મને કોઇ જોઇ શકતું નથી, કારણ કે તે તો જોનારું છે. તેને કોઇ સાંભળી શકતું નથી, કારણ કે સાંભળનાર માત્ર તે એક જ છે. કોઇ અક્ષરબ્રહ્મનું મનન કરી શકતું નથી. કારણ કે મનન કરનાર તેના સિવાય બીજું કોઇ નથી. તેને કોઇ અનુભવી શકે નહીં, કારણ કે જે અનુભવ કરનાર છે તે માત્ર એક અક્ષરબ્રહ્મ જ છે. ટૂંકમાં, અક્ષરબ્રહ્મ કે ચૈતન્ય, કદી કોઇના દર્શન, શ્રવણ, મનન કે અનુભવનો વિષય બનતું નથી–જેમ ઘડો આંખનો વિષય બને તેમ.

આવા અક્ષરબ્રહ્મમાં આકાશ ઓતપ્રોત થઇને રહેલું છે. અર્થાત્ આકાશ(Space)નું કારણ અક્ષરબ્રહ્મ અથવા ચૈતન્ય કે આત્મા છે. ભૌતિકવિજ્ઞાન આકાશસુધી પહોંચ્યું છે. હવે, શોધ આગળ ચાલશે તો ભૌતિકવિજ્ઞાનની સીમા પૂરી થઇ જશે અને વિજ્ઞાનનો અધ્યાત્મમાં પ્રવેશ થઇ જશે. આપણા દેશમાં વિજ્ઞાન અને અધ્યાત્મ વચ્ચે કોઇ વિરોધ નથી.

આ નિરૂપણ સૂચવે છે કે–(૧) જનક રાજા જેવા શાસકો અધ્યાત્મ–સભાઓ ભરતા અને તેમાં મુક્ત ચર્ચાઓ થતી; (૨) રાજસભાના વિદ્વાનોની વચ્ચે ગાર્ગી જેવી વિદૂષી સ્ત્રીઓ પણ ચર્ચામાં ભાગ લેતી. (૩) પ્રત્યેક પદાર્થના બંધારણમાં કારણભૂત સ્વરૂપે આકાશ રહેલું છે. (૪) અધ્યાત્મ માર્ગે ચાલનારો મનુષ્ય, આકાશ જેવો વ્યાપક બને તો જ તે, આકાશથી પર રહેલા આનંદ-સ્વરૂપ ચૈતન્યનો અનુભવ કરી શકે.

માત્ર કૃપાથી, આનંદઘન ચૈતન્ય–અનુભૂતિને માર્ગે પ્રેમથી દોરી જનારાં પૂ. મા સર્વેશ્વરીનાં ચરણોમાં સવંદન સમર્પણ.



# શ્રીમદ્ ભગવદ્ગીતા અને ગાંધીજી

પ્રા. ડૉ. શાન્તિકુમાર એમ. પંડ્યા

મહાત્મા ગાંધીજી હિન્દુ ધર્મગ્રંથો પૈકી સહુથી વધારે શ્રીમદ્ ભગવદ્ગીતાથી પ્રભાવિત હતા. ગાંધીજી જ્યારે વીસ વર્ષના હતા ત્યારે એટલે કે ઇ. સ. ૧૮૮૯ માં એમને પ્રથમવાર ગીતાનો પરિચય થયો. ગાંધીજીના સંપર્કમાં આવેલા બે અંગ્રેજો ગીતા વાંચવા અને સમજવા માંગતા હતા. એમની ઇચ્છા હતી કે ગાંધીજી એની સાથે ગીતા વાંચે અને એમણે એ વાંચવી પડી. એમણે પોતે "વાંચવી પડી" એ શબ્દમાંના ફરજ પડી એવા સુચિતાર્થને ક્ષોભ સાથે સમજાવ્યો છે. ખરેખર એમને એ વખતે એ ગ્રંથ વાંચવાની ઇચ્છા ન હતી પણ વિદેશીઓ પોતાના દેશના અને પોતાના ધર્મગ્રંથ વિશે કંઇક પૂછે અને પોતાને ન આવડે એ બાબત એમને શરમજનક લાગી. એમણે પોતાની સ્થિતિનો નિખાલસ એકરાર કરતાં નોંધ્યું છે કે ગીતાના સંસ્કૃત શ્લોકો સમજી શકે કે સમજાવી શકે એટલું સંસ્કૃતનું જ્ઞાન એમને ન હતું એટલે સર્વપ્રથમ અંગ્રેજ મિત્રોએ એમને આપેલા એડવીન આર્નોલ્ડના ગીતાના અનુવાદથી ગીતાધ્યયનનો આરંભ કર્યો. ગાંધીજીએ આ ગીતાનુવાદને ઉત્તમોત્તમ કહ્યો છે.[૧] આખું પુસ્તક એમણે આદ્યન્ત વાંચી કાઢયું અને ગાંધીજી આ ધર્મકાવ્યના તત્ત્વજ્ઞાન અને અભિગમ પર મુગ્ધ થયા. એમાં પણ બીજો અધ્યાય અને "બીજા અધ્યાયના અંતભાગમાં આવેલાં સ્થિતપ્રજ્ઞ-નાં લક્ષણો દર્શાતા શ્લોકો ઉપર તે આજીવન મુગ્ધ રહ્યા. 'આશ્રમ-

ભજનાવલિ'માં આ શ્લોકોને સ્થાન આપીને એમણે એમનો આ શ્લોકો માટેનો વિશેષ પ્રેમ અને આદર્શપુરુષ અંગેની એમની વિભાવના સુપેરે પ્રગટ કરી છે. આ શ્લોકોની પોતાના માનસ ઉપર પડેલી અમીટ છાપ દર્શાવતાં ગાંધીજી નોંધે છે, બીજા અધ્યાયના છેલ્લા ઓગણીસ શ્લોકો મારા હૃદયમાં અંકાયેલા છે. તેમાં મારે સારું બધા ધર્મો આવી જાય છે. તેમાં સંપૂર્ણ જ્ઞાન છે. તેમાં કહેલા સિદ્ધાંતો અચલિત છે. બુદ્ધિનો પણ સંપૂર્ણ પ્રયોગ છે પણ એ બુદ્ધિ સંસ્કારી બુદ્ધિ છે. તેમાં અનુભવજ્ઞાન છે."[2] ગાંધીજીએ પોતે ગીતાનો અનુવાદ આપ્યો અને એને અનાસક્તિ-યોગ કહ્યો. સ્વ. શ્રી ડોલરરાય માંકડ જો કે ગીતાના યોગને બુદ્ધિયોગ કહેતા. એ ગાંધીજીના ઉપર્યુક્ત ઉદ્ધરણના સંદર્ભમાં સૂચક લાગે છે. અલબત્ત ગાંધીજી અનાસક્તિયોગની પ્રસ્તાવનામાં ગીતાને બુદ્ધિગમ્ય નહિ, પણ હૃદયગમ્ય છે એમ કહે છે અને તેથી તે અશ્રદ્ધાળુ માટે નથી એમ સ્પષ્ટ સૂચવે છે. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વર્ણવતા ૧૯ શ્લોકો ગાંધીજીને મન ગીતાજીનો અર્થ સમજવાની ચાવી છે. એમનો એ માટેનો અભિનિવેશ એટલે હદસુધીનો છે કે તેઓ કહે છે કે, "તેનાથી (તે ૧૯ શ્લોકો) વિરોધી અર્થવાળાં વાક્યો આવે તો એનો ત્યાગ કરવાની હું સલાહ આપું."[3]

ગીતા કર્મવિમુખ અર્જુનને પુનઃકર્મમાં પ્રવૃત્ત કરવા માટે હતી. અર્જુનના અત્યંત નિકટના મિત્ર તરીકે શ્રીકૃષ્ણ અર્જુનની પ્રકૃતિ-ને સાંગોપાંગ સમજતા હતા. એમણે જોયું કે અર્જુનનો વિષાદ આવેશમય અને તેથી જ ક્ષણિક હતો. સ્વજનોને જોઇને એમના પ્રત્યેની આસક્તિથી તે મોહ અને વિષાદગ્રસ્ત હતો. હું ભીખ માગીશ પણ લડીશ નહિ એવો અર્જુનનો નિર્ણય પ્રતીતિપ્રેરિત ન



હતો. પોતાના નિર્ણયની યોગ્યતા વિશે એ પોતે અવઢવમાં હતો. એ ન હોત તો એ કૃષ્ણને શરણે ગયો જ ન હોત. એ પોતે બીજા અધ્યાયમાં સ્પષ્ટ એકરાર કરે છે કે–

कार्पण्यदोषोपहतस्वभावः,
पृच्छामि त्वां धर्मसम्मूढचेताः ।
यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे,
शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥

ગીતા, અધ્યાય ૨, શ્લોક ૭

શ્રીકૃષ્ણની અર્જુન માટેની મૈત્રી એના અંતર્યામી થવા જેટલી સૂક્ષ્મ અને ગહન હતી. એ જોઇ શક્યા કે અર્જુન ઉન્મનસ્કા-વસ્થા (Depressionનો ભોગ બન્યો છે અને એમાંથી મનની રક્ષણાત્મક લાક્ષણિકતા (defence mechanism) એ પ્રજ્ઞા-વાદ સર્જ્યો છે. આથી શ્રીકૃષ્ણે પોતાના ઉપદેશના પ્રારંભમાં જ **પ્રજ્ઞાવાદ** એમ કહીને અર્જુનને હળવો ઉપાલંભ (૨:૧૧) આપ્યો છે. અર્જુન ધર્મયોદ્ધો હતો. ક્ષત્રિય હતો અને ધર્મને માટે આખરી શ્વાસ સુધી લડી લે એ તત્કાલીન ક્ષત્રિયોની ઓળખ (identity) હતી. અર્જુને એ ઓળખ ગુમાવી હતી. જે વસ્તુનો શોક ન કરવો જોઇએ એનો એ શોક કરતો હતો એટલે તો એને પ્રજ્ઞાવાદી કહ્યો છે. જે નિર્ણયની યોગ્યતા વિશે એને પોતાને જ પ્રતીતિ ન હતી અને એ પોતે જ અવઢવમાં હતો ત્યાં એની બુદ્ધિએ એના આવેશજનિત નિર્ણયને યોગ્ય ઠરાવવા જાતજાતની દલીલો શોધી કાઢી. અર્જુને અત્યારસુધી શાસ્ત્રોમાં જે સાંભળ્યું હતું અને સાંભ-ળવા યોગ્ય ગણ્યું હતું એને આધારે પ્રજ્ઞાવાદની એક મહાજાળ રચી કાઢી હતી. એમાંથી એ વહેલામાં વહેલી તકે મુક્ત થાય એ જરૂરી હતું. શ્રીકૃષ્ણ એને કહે છે–

यदा ते मोहकलिलं, बुद्धिर्व्यतितरिष्यति।
तदा गन्तासि निर्वेदं, श्रोतव्यस्य श्रुतस्य च॥

ગીતા, અધ્યાય ૨, શ્લોક ૫૨

"જ્યારે તારી આ બુદ્ધિ મોહરૂપી કળણને પાર કરી જશે ત્યારે તું સાંભળવા યોગ્ય અને સાંભળેલાથી છૂટીશ." આ સંદર્ભ-માં સત્યના શોધકની પ્રથમ શરત તરીકે શ્રી જે. કૃષ્ણમૂર્તિએ આપેલું સૂત્ર "Freedom from the known" સહેજે યાદ આવી જાય છે. શ્રીકૃષ્ણે અઢાર અધ્યાયમાં અર્જુનને જાત જાતના પ્રશ્નો નિઃસંકોચ પૂછવા દઈને એનું પ્રતીતિકર નિરાકરણ કરતાં અર્જુનને ભ્રમયુક્ત કરી એણે ગુમાવેલી ઓળખ એને પાછી આપી છે. અર્જુનનો મોહ દૂર થાય છે, સંદેહો શમી જાય છે અને હવે હું તમે કહેશો એમ કરીશ એમ એ જરા પણ દ્વિધાભાવવિના અઢારમા અધ્યાયમાં કહે છે–

नष्टो मोहः स्मृतिर्लब्धा, त्वत्प्रसादान्मयाऽच्युत।
स्थितोऽस्मि गतसन्देहः, करिष्ये वचनं तव॥

ગીતા, અધ્યાય ૧૮, શ્લોક ૭૩

પણ મોહ નષ્ટ થયા પછી અર્જુને શું કરવાનું હતું? લડવાનું હતું. અને લડવામાં અહિંસા તો અપરિહાર્ય. કૃષ્ણ અર્જુનને વારે વારે પાનો ચઢાવતા હતા કે ततो युद्धाय युज्यस्व અર્જુનને સ્પષ્ટ રીતે લડવાની શીખ આપતી ગીતા, અહિંસાનું પ્રતિપાદન કેવી રીતે કરે? આ પ્રશ્ન ગાંધીજીના અનુયાયીઓને સહુથી વધારે થયો છે. સત્ય અને અહિંસાને એના પૂરા પરિપ્રેક્ષ્યમાં સમજી લેનારા પ. પૂ. બાપુએ પ્રશ્નકર્તાઓને પૂરી સમજણ અને સ્વસ્થતાથી એમના પ્રશ્નોના જવાબ આપ્યા છે. અને એમાં જ મહાત્માજીનું જીવન-દર્શન કેટલું સ્થિર અને અખિલાઈપૂર્ણ હતું તે જોઈ શકાય છે.



૧૯૨૫ ના સપ્ટેમ્બરની ૧૧ મી તારીખે પ્રસિદ્ધ થયેલા નવ-જીવનના અંકમાં એમણે ગીતા અને અહિંસા વિશે પોતાના વિચારો વિશદતાથી રજૂ કર્યા છે. એમાં સત્ય અને અહિંસાનો સંબંધ પણ એમણે વણી લીધો છે. ગીતા શાસ્ત્ર છે અને શાસ્ત્ર સમજવા માંગતા જીજ્ઞાસુમાં શ્રદ્ધા, સંસ્કાર અને અનુભવની આવશ્યકતા રહે છે. ગાંધીજી જણાવે છે કે "શાસ્ત્રાર્થનો બીજો નિયમ એ છે કે તેના દરેક અક્ષરને ન વળગતાં તેનો ધ્વનિ તપાસવો. તેનું રહસ્ય જોવું. (ગીતા કે) જ્યાં યુદ્ધવર્ણન અને હિંસાનું પ્રતિપાદન નથી ત્યાં તેની ઉપર ભાર દેવો તદ્દન અયોગ્ય મનાય, અને જો કેટલાક શ્લોકોને અહિંસાની જોડે ગોઠવવાનું મુશ્કેલ છે તો આખી ગીતાને હિંસાના ચોકઠામાં મૂકવી એથી પણ મુશ્કેલ છે. ગીતાજીનો સર્વાંશે અર્થ હિંસા નથી, પણ અહિંસા છે, એમ બીજો અધ્યાય જે વિષયનો આરંભ કરે છે ને અઢારમો જે પૂર્ણાહુતિ કરે છે તે બતાવે છે. વચ્ચે જુઓ તોપણ તે જ છે. ક્રોધવિના, રાગવિના, દ્વેષવિના, હિંસા સંભવતી જ નથી, અને ગીતા તો ક્રોધાદિને ઓળંગી ગુણાતીતની સ્થિતિએ આપણને પહોંચાડવા મથે છે." વધુમાં ગાંધીજી કહે છે, "આમાં (ગીતામાં) સ્થૂલ યુદ્ધને તો અવકાશ જ નથી, એમ કહેવાનો આશય નથી. જેને અહિંસા સૂઝી જ નથી તેણે કાયર થવું એવો ધર્મ નથી શીખવ્યો. જે બીએ છે, સંઘરે છે, જે વિષયમાં રમે છે તે હિંસા યુદ્ધ કરશે જ. પણ તે તેનો ધર્મ નથી. ધર્મ તો એક જ છે. અહિંસા એટલે મોક્ષ. મોક્ષ એટલે સત્યનારાયણનો સાક્ષાત્કાર. પણ પાછી પાનીને આમાં ક્યાંયે અવકાશ નથી. આ વિચિત્ર જગતમાં હિંસા તો ચાલ્યા જ કરવાની, તેમાંથી નીકળી જવાનો માર્ગ ગીતા બતાવે છે, પણ સાથે ગીતા એમ પણ બતાવે છે કે કાયર થઈ ભાગ્યે (ભાગવાથી) હિંસામાંથી નહીં નીકળાય. જે

ભાગવાનું કરે તે તો મારે ને મરે." સત્ય અને અહિંસાનો સંબંધ સ્પષ્ટ કરતાં તેઓ કહે છે, "સત્ય તો હકાર છે. અહિંસા નકાર છે. સત્ય વસ્તુનું સાક્ષી છે, અહિંસા વસ્તુ છતાં તેનો નિષેધ કરે છે. સત્ય છે, અસત્ય નથી. હિંસા છે, અહિંસા નથી. છતાં અહિંસા જ હોવી જોઈએ. એ જ પરમધર્મ છે. સત્ય સ્વયંસિદ્ધ છે, અહિંસા તેનું સંપૂર્ણ ફળ છે. સત્યમાં તે છૂપાયેલી પડી જ છે. પણ તે સત્યની જેમ વ્યક્ત નથી તેથી ભલે તેને માન્ય કર્યાવિના મનુષ્ય શાસ્ત્ર શોધે! તેમ છતાં તેનું સત્ય તેને અહિંસા જ શીખવશે."

"સત્યને અર્થે તપશ્ચર્યા તો છે જ. સત્યનો સાક્ષાત્કાર કરનારા તપસ્વીએ ચોમેર વર્તી રહેલ હિંસામાંથી અહિંસા દેવી જગત આગળ પ્રગટાવીને કહ્યું, હિંસા માયા છે, મિથ્યા છે, અહિંસા એ જ સત્ય છે. અહિંસાવિના સત્યનો સાક્ષાત્કાર અસંભવત છે."

મહાત્મા ગાંધીજીએ એ બાબત એમના ગીતાના અનુવાદ-(અનાસક્તિયોગ)ની પ્રસ્તાવનામાં નિઃસંકોચ સ્વીકારી છે કે ગીતા એ અહિંસાનું પ્રતિપાદન કરવા માટે કે યુદ્ધનો નિષેધ કરવા માટે લખાયેલો ગ્રંથ નથી. અહિંસાનું પ્રતિપાદન ગીતાનો વિષય નથી. કેમ કે ગીતાકાળની પૂર્વે પણ અહિંસા પરમ ધર્મરૂપે મનાતી હતી. ગીતાને તો અનાસક્તિનો સિદ્ધાંત બતાવવો હતો. બીજા અધ્યાય-માં જ આ વાત સ્પષ્ટ થઈ જાય છે. પણ જો ગીતાને અહિંસા માન્ય હતી અથવા અનાસક્તિમાં અહિંસા સહેજે આવી જાય છે. તો ગીતાકારે ભૌતિકયુદ્ધને ઉદાહરણરૂપે પણ કેમ લીધું? ગીતાયુગમાં અહિંસા ધર્મ મનાતા છતાં ભૌતિક યુદ્ધ સર્વમાન્ય વસ્તુ હોઈ ગીતાકારને એવા યુદ્ધનું ઉદાહરણ લેતાં સંકોચ ન થયો, ન થાય.[૪]

અનાસક્તિ અને કર્મના ફળ તરફ તદ્દન નિઃસ્પૃહા ગીતાના



કેન્દ્રવતી વિષયો છે. પૂ. બાપુજીએ એમના અંગત જીવનમાં અને જાહેર જીવનમાં સ્પષ્ટપણે ગીતાથી ઉપદેશાયેલા માર્ગે ચાલવાનો નૈષ્ઠિક પ્રયાસ કર્યો અને આથી જ પોતાની અધિકારવાણીમાં એમણે નોંધ્યું છે કે, "ગીતાના શિક્ષણને પૂર્ણતાએ અમલમાં મૂકવાનો લગભગ ૪૦ વર્ષ પર્યન્ત સતત પ્રયત્ન કરતાં મને તો નમ્રપણે એમ લાગ્યું છે કે સત્ય અને અહિંસાના સંપૂર્ણ પાલન-વિના સંપૂર્ણ કર્મફલત્યાગ મનુષ્યને વિશે અસંભવિત છે. હું માનું છું કે જીવ જતો કરીને પણ અહિંસાનું પાલન કરવું એ જ વસ્તુ ગીતાના ઉપદેશમાંથી ફલિત થાય છે. એ જ માનવજાતિની ઊંચામાં ઊંચી આકાંક્ષા છે."[૫]

ગાંધીજીએ પોતાના ગૃહીત વિચારોને અનુકૂળ આવે એવો ગીતામાંથી મારી મચડીને અર્થ કાઢયો છે એવા એમના કોઈ ટીકાકારને સ્પષ્ટ જવાબ આપતાં એમણે નોંધ્યું છે કે, "મારા અગાઉથી કરી રાખેલા કંઈક વિચારોને અનુકૂળ આવે તે રીતે ગીતાનો કે હિન્દુધર્મનો, મારી મચડીને અર્થ કરવાનો મારો ઈરાદો છે એ આક્ષેપનો હું ઇન્કાર કરું છું. મારા વિચારો ગીતા, રામાયણ, મહાભારત, ઉપનિષદ્ આદિના અભ્યાસમાંથી જ ઉદ્ભવેલા છે."[૬]

ગીતાની યજ્ઞભાવના ગાંધીજીની કર્મદૃષ્ટિ અને જીવનના અભિ-ગમને અત્યંત ઉપકારક હતી. ગીતા કર્મના બંધનમાંથી મુક્ત થવાનો ઉપાય સૂચવે છે. કર્મ નહિ, પણ કર્મ પાછળની ભાવના અને કર્મફળની સ્પૃહા કર્તાને બાંધે છે એટલે ગીતાએ યજ્ઞાર્થ કર્મનો અનુરોધ કર્યો અને યજ્ઞના સીમિત અર્થને વિસ્તારીને વર્ણવ્યો. ગીતા કહે છે—

यज्ञार्थात्कर्मणोऽन्यत्र, लोकोऽयं कर्मबन्धनः ।

ગીતા, અધ્યાય ૩, શ્લોક ૯

યજ્ઞભાવનાવિનાનાં કર્મ આ જગતમાં બંધનરૂપ છે. મહાત્મા ગાંધીજીને આ વિચારે પૂરેપૂરા પ્રભાવિત કર્યા છે. ગીતાના વિચારોનું બરાબર દોહન કરીને ગાંધીજીએ યજ્ઞની વ્યાખ્યા આ પ્રમાણે આપી. "યજ્ઞ એટલે કે આ લોકમાં કે પરલોકમાં કંઇ પણ બદલો લીધા કે ઇચ્છયા સિવાય પરાર્થે કરેલું કોઇ પણ કર્મ."૭ પોતાની આ વ્યાખ્યાનો વિસ્તાર કરતાં એમણે આગળ જતાં નોંધ્યું, જે કર્મમાં વધારેમાં વધારે જીવોનું વધારેમાં વધારે કલ્યાણ થાય, ને જે કર્મ મનુષ્ય વધારેમાં વધારે સહેલાઈથી કરી શકે, ને જેમાંથી વધારેમાં વધારે સેવા થતી હોય તે મહાયજ્ઞ અથવા સારામાં સારો યજ્ઞ. એટલે કોઇની પણ સેવાને અર્થે બીજા કોઇનું અકલ્યાણ ઇચ્છવું કે કરવું એ યજ્ઞકાર્ય નથી જ. અને યજ્ઞ સિવાયનું કરેલું કાર્ય એ બંધન છે એમ આપણને ભગવદ્ગીતા અને અનુભવ શીખવે છે. ગાંધીજીએ કરેલી આ યજ્ઞમીમાંસામાં મહાભારતકારની સત્ય વિભાવનાનો પણ કદાચ આકસ્મિકપણે જ સુભગ સમન્વય થયો છે. શ્રીકૃષ્ણે મહાભારતના કર્ણપર્વમાં સત્ય-ની વ્યાખ્યા આપતાં કહ્યું છે–

यदभूतहितमत्यन्तं तत् हि सत्यं मतं मम ।

જેમાં પ્રાણીઓનું આત્યંતિક કલ્યાણ સમાયું હોય તે સત્ય. આમ યજ્ઞ અને સત્ય લગભગ એકબીજાના પર્યાય બને છે. ગીતા-એ જે વિવિધ પ્રકારના યજ્ઞો વર્ણાવ્યા છે એથી ઉપનિષદ- કારની **तेन त्यक्तेन भुञ्जीथाः ।** વિભાવના વધુ વિશદ બની છે. સમાજે ઊભી કરેલી જે સુવિધાઓ અને સગવડોને પ્રતાપે માણસ પૈસો પ્રામ કરે, જ્ઞાન મેળવે, કૌશલ્ય હાંસલ કરે કે શક્તિ સંપન્ન કરે



એનો અમુક ભાગ સમાજના કલ્યાણને માટે નિઃસ્પૃહભાવે સમર્પી દેવો તે યજ્ઞ. ગીતાના **सहयज्ञाः प्रजाः सृष्ट्वा** ૩–૧૦ શ્લોકનું હાર્દ સ્પષ્ટ કરતાં મહાત્માજીએ કહ્યું, "આવા યજ્ઞવિના આ જગત એક ક્ષણ પણ ટકી શકે નહિ. અને તેથી જ ગીતાકારે જ્ઞાનની કંઇક ઝાંખી બીજા અધ્યાયમાં કરાવ્યા પછી ત્રીજા અધ્યાયમાં તેને પહોંચવાના સાધનમાં પ્રવેશ કરાવ્યો, ને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે આપણે જન્મથી જ યજ્ઞને સાથે લાવ્યા છીએ. એટલે કે આ દેહ કેવળ પરમાર્થને કારણે આપણને મળ્યો છે, અને તેથી યજ્ઞ કર્યાવિના જે જમે છે તે ચોરીનું જમે છે, એવું સખ્ત વાક્ય ગીતાકારે કહી દીધું. શુદ્ધ જીવન ગાળવા ઇચ્છનારનું બધું કર્મ યજ્ઞરૂપે હોય. યજ્ઞજીવનની સાર્થકતા સમજાવતાં તેઓ ભાવભરી વાણીમાં કહે છે, યજ્ઞમય જીવન કળાની પરાકાષ્ઠા છે, ખરો રસ જ તેમાં છે કેમ કે તેમાંથી રસનાં નિત્ય નવાં ઝરણાં ફૂટે છે. માણસ તે પીતાં થાકતો નથી, ઝરણાં કદી સૂકાતાં નથી. યજ્ઞ બોજારૂપ લાગે તો તે યજ્ઞ નથી. ખૂંચે તે ત્યાગ નથી. ભોગને અંતે નાશ છે, ત્યાગને અંતે અમરતા છે."૮

દાંત કે આંખના ડૉક્ટર ફી લીધાવિના દાંતની સારવાર કરે, મોતીયો ઉતારે કે શ્રમિક મહેનતાણાવિના જાહેર કર્મમાં શ્રમ કરે તો તેને દંતયજ્ઞ, નેત્રયજ્ઞ, કે શ્રમયજ્ઞ એમ ગાંધીજી કહેતા. એમનો માર્ગ તંતોતંત અનુસરનારા વિનોબાજીએ 'ભૂદાનયજ્ઞ' શબ્દ વિશ્વવિદિત બનાવ્યો એનું અહીં પુણ્યસ્મરણ થાય છે.

મહાત્મા ગાંધીજીએ ગીતાનો મુખ્ય ઉપદેશ કયો એ બાબતની પણ વિશદ ચર્ચા કરી છે. ગીતાનો મુખ્ય ઉપદેશ કયો–અનાસક્તિ કે અહિંસા? એવો પ્રશ્ન ઉપસ્થાપિત કરીને એનો લાગલો ઉત્તર વાળતાં કહ્યું, "અનાસક્તિ જ." પછી એની યથાર્થતા સ્પષ્ટ કરતાં

એમણે કહ્યું, "અનાસક્તિ અહિંસાથી આગળ જાય છે. જેને અનાસક્ત બનવું છે તેણે અહિંસા શીખવી અને આચરવી રહી. એટલે અહિંસા અનાસક્તિના પેટમાં આવી જાય છે, આગળ નથી જતી." આ ઉપરાંત અભય ને પણ એ ગીતાના એક અગત્યના ઉપદેશ તરીકે ગણે છે. દૈવી સંપદ્‌નું વર્ણન કરતાં ગીતાકારે અભયને પ્રથમ ગુણ ગણ્યો એ શ્લોકનો પ્રાસ બેસે માટે કે ગીતાકારને ઉદ્દિષ્ટ હતું એ માટે એ વિવાદમાં પડયાવિના એમણે એ વાત ભારપૂર્વક કહી છે કે "સત્ય અને અહિંસાના પૂજારીને માટે અભય અનિવાર્ય છે." એમણે પ્રશ્ન કરીને પોતાના કથયિ-તવ્યને ભારપૂર્વક વ્યક્ત કર્યું છે કે, "અભયવિના સત્યની શોધ થાય? અભયવિના અહિંસાનું પાલન કેમ થાય?" ગાંધીજીએ ગીતાના સંદર્ભમાં શ્રમધર્મને પણ ખૂબ મહત્ત્વ આપ્યું. ગીતામાં લોકસંગ્રહની ચર્ચામાં ભગવાને પોતે અતંદ્રિત રહીને કર્મ કરવાની વાત કરી ને એમણે શ્રમધર્મનો જ મહિમા કર્યો છે એમ તેઓ માનતા હતા.[૧૦]

યરવડા જેલમાંથી ગાંધીજીએ આશ્રમવાસીઓને, મોકલેલાં ગીતા ઉપરનાં બે પ્રવચનોમાં ગાંધીજીએ ભક્તિયોગ અને અર્જુન-વિષાદયોગની ચર્ચા કરી છે. ભક્તિયોગમાં ભક્તિનો મહિમા કરતાં એમણે કહ્યું, "ભક્તિવિના જ્ઞાન ને કર્મ સૂકાં છે ને બંધનરૂપ નીવડવાનો સંભવ છે."[૧૨] એટલે ભક્તિમય થઇને ગીતાનું આ મનન આદરીએ. અર્જુન વિષાદયોગની મીમાંસા કરતાં એમણે કહ્યું, "ધર્મવેદના, ધર્મજિજ્ઞાસાવિના જ્ઞાન મળે નહિ. જેના મનમાં સારું શું ને માઠું શું એ જાણવાની ઇચ્છા સરખી ન થાય એની પાસે ધર્મવાતો શી? કુરુક્ષેત્રની લડાઇ એ નિમિત્તમાત્ર છે અથવા ખરું કુરુક્ષેત્ર આપણું શરીર છે. તે કુરુક્ષેત્ર છે તેમ જ ધર્મક્ષેત્ર



છે. જો તેને આપણે ઈશ્વરનું નિવાસસ્થાન માનીએ ને કરીએ તો તે ધર્મક્ષેત્ર છે. તે ક્ષેત્રમાં આપણી સામે રોજ કંઇને કંઇ લડાઇ હોય છે અને આવી ઘણીખરી લડાઇ 'આ મારું અને આ તારું' એમાંથી થાય છે."[૧૩]

ગીતાજયંતી પ્રસંગે એમણે જયંતીઓની ઉજવણીમાં આચાર અને અનુસરણ પર ભાર મૂકી ગીતાના ઉપદેશનો મહિમા દર્શાવ્યો છે. વિનોબાજીના અનુવાદની પ્રશંસા કરી વિનોબાજીએ ગીતામાતા માટે પ્રયોજેલા ગીતાઇ શબ્દની પ્રશંસા કરી છે. ગીતા પોતાને મન શું છે તે દર્શાવતાં તેઓ કહે છે કે "મેં ગીતાજીને મારો આધ્યાત્મિક કોશ રહ્યો છે, કારણ કે સંકટવેળાએ તેણે મને કદી છેહ દીધો નથી." "ગીતાના કૃષ્ણ" એ વિષયપરનાં એમનાં બે લખાણોમાં એમણે કૃષ્ણને દોષાતીત નથી ગણ્યા છતાં તેઓ કહે છે, "મારી કલ્પનાના કૃષ્ણને હું પૂર્ણાવતાર, દરેક રીતે નિષ્કલંક, ગીતાનો પ્રેરક અને કરોડો મનુષ્યોના જીવનને પ્રેરણા આપનાર માનું છું."

જન્માષ્ટમીના પર્વપર મહાત્મા ગાંધીજીએ આપેલા એક પ્રવચનમાં એમણે કહ્યું છે. "ભગવદ્‌ગીતા એવો અસામાન્ય ગ્રંથ છે કે જેને પ્રત્યેક ધર્મનો મનુષ્ય આદરથી વાંચી શકે છે, અને પોતાના ધર્મનાં તત્ત્વ તેમાં જોઇ શકે છે. જો આપણે પ્રત્યેક જન્માષ્ટમીના દિવસે શ્રીકૃષ્ણના ચરિત્રનું સ્મરણ કરતા હોત અને ગીતાપાઠ કરી એનો અમલ કરવાની પ્રતિજ્ઞા કરતા હોત તો આજની શોચનીય સ્થિતિમાં આપણે ન હોત."

હિન્દુ વિદ્યાર્થીઓના ગીતા વિશેના અજ્ઞાનથી આઘાત પામેલા મહાત્મા ગાંધીજીએ હિન્દુ છોકરા છોકરીઓએ શક્ય હોય ત્યાંસુધી

સંસ્કૃત ભણીને, નહિતર શ્રદ્ધેય અનુવાદથી પણ ગીતાનું જ્ઞાન મેળવવું જોઈએ એમ ભારપૂર્વક નોંધ્યું છે. શાળામાં ગીતા-શિક્ષણને ઉપકારક ગણવા છતાં રાષ્ટ્રીય શાળાઓમાં ગીતાના શિક્ષણને ફરજિયાત બનાવવાની એમણે સયુક્તિક હિમાયત ન કરી એ એમનું વૈચારિક ઔદાર્ય ગણાય. પાદરીઓને આપેલા એક ભાષણમાં ગાંધીજીએ ઈસુના ગિરિપ્રવચનની અપેક્ષાએ પોતે ગીતા અને ઉપનિષદોથી વધારે પ્રભાવિત થયા છે એમ સ્પષ્ટ કહ્યું છે. ગીતા વિશે તો એમનો અનન્યભાવ ટિળક મહારાજના ગીતા-રહસ્યના પુરોવચનમાં પ્રામ થાય છે. "જીવનમાં મોહ અને કસોટીના પ્રસંગોએ અચૂક માર્ગદર્શન કરી શકે એવા શાસ્ત્ર-ગ્રંથની જરૂર મને મારા બાળપણમાં જ સમજાઈ. મેં ક્યાંક વાંચ્યું હતું કે ગીતાના માત્ર સાતસો શ્લોકોમાં સર્વશાસ્ત્રો તેમ જ ઉપ-નિષદોનો સાર ગ્રંથિત કરવામાં આવ્યો છે. મેં નિશ્ચય કર્યો. ગીતા વાંચતાં આવડે એટલે હું સંસ્કૃત શીખ્યો. આજે ગીતા મારું બાય-બલ કે કુરાન જ નહિ, એ કરતાં ય સાક્ષાત્ મારી માતા બની રહેલ છે. મારી જન્મદાત્રી તો ઘણા લાંબા સમય પહેલાં ચાલી ગઈ, પરંતુ ત્યારથી આ ગીતામાતાએ મારા જીવનમાં તેનું સ્થાન સંપૂર્ણ ભરી દીધું છે. મુશ્કેલી વખતે હું એનો જ આશ્રય લઉં છું."

○



# ગુરુકૂંચી

યોગેશ્વરજી

તેનું જ શરણ લે ને તેની યાદમાં દિનરાત ચકચૂર બન. તેને અંતરના અંતરતમમાંથી પ્રેમ કર, ને તેની કૃપાનો ચાતક બન. તનમાં, મનમાં, અંતરમાં ને રોમેરોમમાં, તેની પ્રતિષ્ઠા કરીને, તેની પૂજા કર, ને તેને મળવા માટે, આતુર બન. આંખમાં અનુરાગનું અંજન આંજી વૃત્તિના પ્રત્યેક તારને તેની સાથે સાંધી દઈને, તેની પાછળ પાગલ બન.

મતલબ કે તું પ્રેમની મૂર્તિ બન તો તેની પ્રાપ્તિ જરૂર થઈ જશે. કેમ કે તે પ્રેમરૂપ છે, ને પ્રેમ જ તેની પાસે પહોંચવાની ગુરુકૂંચી છે. ('વિરહની વેદના'માંથી)

▭

* સ્થાપત્ય કન્સ્ટ્રક્શન *

પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી

બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ

મધુર કોમ્પ્લેક્ષ, શનારા રોડ, મહારાજા ટાઈલ્સ સામે

મોરબી–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૧૩૮૧, (રહેઠાણ) ૩૦૨૨૨, ૨૬૯૦૩

# જીવનમાં આચરવા જેવા

**ઉત્તમ વાણી :**
જે સાંભળતાં જ અમૃત તુલ્ય હોય,
સર્વ કાળમાં સુખ દેનાર હોય,
સત્યનાં સારરૂપ હોય, હિતકારી હોય.

**સત્કર્મનો મહિમા :**
દુર્જનને સજ્જન બનાવે છે,
મૂર્ખને પંડિત બનાવે છે,
અહિત કરનાર શત્રુને હિતકારી બનાવે છે,
હલાહલ વિષને અમૃત બનાવે છે.

**વૃદ્ધોને માન આપવાની રીત :**
વૃદ્ધોને પ્રણામ કરવા,
આપણા આસનથી ઉચ્ચ આસન આપવું,
એમની આગળ હાથ જોડીને ઊભા રહેવું,
તેમની સેવાદિ કરવું,
તેઓ જાય ત્યારે થોડે દૂરસુધી,
તેમની પાછળ વળાવવા જવું.

**દયાનું લક્ષણ :**
બીજાના દુઃખને જોઈને એ દુઃખ મને જ થયું છે, એવો વિચાર કરીને, તે દુઃખને હઠાવવાનો જે વિચાર અને પ્રવૃત્તિ છે, તે દયા.

('સનાતન ધર્મસાર'માંથી)



# સ્વર્ગારોહણ-એક ઉત્કૃષ્ટ સાધનાભૂમિ

સાધકરામ

## પ. પૂ. મા સર્વેશ્વરીની સરળ સાધન-પ્રણાલિ

અર્બુદારણ્યમાં 'મા ભગવતી જગદંબાના સુપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી ધામમાં પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે આવેલું, વૃક્ષો-વેલી-ઓની શીતળછાયાથી હર્યુંભર્યું, સુંદર સુગંધિત 'સ્વર્ગારોહણ' એ તીર્થધામની સાથે સાથે સાધનાક્ષેત્ર પણ છે.

'સ્વર્ગારોહણ'ની ધરતી પાવન કરનારી, પ્રભુપંથે પ્રેરનારી, બળ આપનારી છે. અહિના પવિત્ર વાતાવરણમાં પ્રસન્નતા, શાંતિનો સહજ અનુભવ સૌને થાય છે, તેનું મુખ્ય કારણ છે આ ભૂમિને સદ્‌ગુરુ ભગવાન પ્રભુ યોગેશ્વરજીએ સેવા અને સાધના-ના સમુચિત સ્થળરૂપે પસંદ કર્યું, તે છે. આ ભૂમિ મહાત્મા યોગેશ્વરજીના પુનિત શ્રીચરણોનો સંસ્પર્શ પામી છે. અહીં સર્વાંગ-સુંદર ઉત્તમોત્તમ સેવા અને સાધનાનાં કાર્યો જનહિતાર્થે થયાં જ કરે તે માટે તેઓએ શુભસંકલ્પ કરેલો. જે 'સ્વર્ગારોહણ'રૂપે સત્કાર થયો. પરમાત્મપદે આસીન એ પ્રભુના શુભસંકલ્પો સમય-ની સાથે સાથે સાકાર થતા અનુભવાય છે.

પ્રભુના સંકલ્પને સફળ કરવા તેમના અંતેવાસી પ. પૂ. મા સર્વેશ્વરીએ તન-મન-ધનની સમગ્ર શક્તિ રેડી, પ્રાણની પણ પરવા કર્યાવિના અથાક પુરુષાર્થ કર્યો છે. કહો કે સર્વસ્વની બાજી લગાવી દીધી. તેના પરિપાકરૂપે અનેકવિધ નવસર્જનો આ ભૂમિ-પર સાકાર બન્યાં. આ ભૂમિને પૂ. માએ અનેકવિધ તપસ્યા કરી

તેને દિવ્યપરમાણુથી અનુકંપિત કરી છે. મંત્રઅનુષ્ઠાનો, રામાયણ, સરળગીતા, શિવમહિમ્નઃસ્તોત્ર, શ્રી વિષ્ણુસહસ્રનામ, ચંડીપાઠ વગેરેનાં પારાયણો કર્યાં છે. અને પ્રેમી ભક્તો પાસે કરાવ્યાં છે. આજે પણ એ તપ, વ્રત, સ્વાધ્યાય નિયમિત થયા જ કરે છે. પરિણામે સ્વર્ગારોહણનું વાતાવરણ દિવ્ય–ભક્તિમય, આનંદમય, શાંતિદાયક, પ્રસન્નતાપ્રેરક છે. અહીંના પ્રત્યેક અણુ–પરમાણુમાં દૈવીશક્તિનો આવિર્ભાવ થયો છે. જે સાધકોને સહજમાં દિવ્ય-આનંદની અનુભૂતિ કરાવે છે. તેને સાધનાપંથે આગળને આગળ વધવા માટે બળપ્રદાન કરે છે. જાણીતા કે અજાણ્યાની જો થોડીક પણ ભૂમિકા હોય તો તેને 'સ્વર્ગારોહણ'માં પ્રવેશતાં જ અહીંના વાતાવરણની દિવ્યતાનો સંસ્પર્શ અનુભવાય છે. એથી સાધકો માટે આ સ્થાન સુંદર સહાયક અને ઉત્તમ છે.

પૂ. માની ઉપસ્થિતિમાં અહીં સવિશેષ કરીને સાધનાના ભક્તિમય કાર્યક્રમો રહે છે. આ કાર્યક્રમો ભક્તિપંથે સરળતાથી અને સર્વાંગપણે સાધકોનો વિકાસ કરનારા સાબિત થયા છે. આની પૂર્તિરૂપ કેટલીક વિગતો જોઈશું. જેથી આપ પણ જો જીવનનો સર્વોત્તમ સદુપયોગ કરીને આત્મકલ્યાણ કરવા ઇચ્છતા હો, અને તે માટે યોગ્ય સ્થળની, એકાંતની, પ્રભુમય વાતાવરણની જરૂરિયાત જણાય તો આ દૈવીસ્થળનો અને પૂ. માના સાન્નિધ્ય-નો લાભ લઈ શકો.

પૂ. શ્રી માએ 'સ્વર્ગારોહણ'ની દિનચર્યા જે સાધકો માટે ગોઠવી છે તે સંપૂર્ણપણે તન, મન, પ્રાણની શુદ્ધિ અને તેના વિકાસ અર્થે વૈજ્ઞાનિક છે. જીવનવિકાસનું લક્ષ્ય લઈને જ્યારે નીતિનિયમો ઘડવામાં આવે છે ત્યારે દેહેન્દ્રિય, પ્રાણ, બુદ્ધિશક્તિ અને મનની ચંચળતાને ધ્યાનમાં રાખીને ઘડવામાં આવે છે. એ



નિયમોદ્વારા માનવમાં રહેલી ક્રિયાશક્તિ, ભાવશક્તિ અને બુદ્ધિ-શક્તિનો સદુપયોગ કરીને જીવનને વધુ સુખી, સ્વસ્થ, આધ્યાત્મિક બનાવવાનો પ્રયત્ન હોય છે. આ ત્રણેયને જે પદ્ધતિમાં સમાવી લેવામાં આવે છે તે યોગ્ય અને આદર્શ પદ્ધતિ કહેવાય. એક સર્વાંગસુખી જીવનમાં સ્વસ્થશરીર, પ્રાણ, બુદ્ધિ સ્વસ્થ હોય તો સાધના માટે સાનુકૂળતા સાધકને રહે છે. પૂ. શ્રી માએ ઉપર જણાવેલી ત્રણેય શક્તિઓનો સદુપયોગ કરી શકાય તેવા પ્રકારની દિનચર્યાનું સાધકો માટે આયોજન કર્યું છે. સાધકો તેનો અમલ કરી લાભ પામ્યા પણ છે.

**'સ્વર્ગારોહણ' પ્રભુપ્રેમથી ધબકતું જીવંતતીર્થ છે.**
**તેનો દૈનિક કાર્યક્રમ જોઈએ.**

બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી સાધક તેની સાનુકૂળતા પ્રમાણે સ્વતંત્ર-પણે નિત્યકર્મથી પરવારી વ્યક્તિગત સાધનામાં પોતપોતાની રુચિ, અવસ્થા પ્રમાણે રત બની અધ્યાત્મ લાભ મેળવે છે. આ સમયે સાધના કરનારા સાધકોને મળતા લાભો શાસ્ત્રોમાં અનેક બતાવ્યા છે. તે લાભો અહીં 'સ્વર્ગારોહણ'ના શાંત અને દૈવી વાતાવરણમાં સહજ મળતા હોય છે. એથી કોઈ ધ્યાનની અંતરંગ નીરવ પ્રશાંતિમાં સ્થિત બનેલા દેખાય છે. કોઈ પોતાના ઇષ્ટના જપમાં તન્મય દેખાય છે. તો કોઈ અપૂર્વ એવી શાંતિનો–પ્રસન્નતાનો સહજ અનુભવ કરતા, મૌન બની શાંતિ, આનંદ માણતા મસ્તીથી બેઠેલા દેખાય છે. વધારે ભાગે આ સમયે સૌ મૌન રહે છે, કારણ દરેક આ બ્રાહ્મમુહૂર્તના પ્રાતઃકાળના સમયનો લાભ લઈ પોતાના ધ્યેય પ્રત્યે આગળ ને આગળ વધવા સભાન છે. આ સામૂહિક કાર્યક્રમથી સૌ યથેચ્છ, સંસ્કારાનુસાર સાધના કરી આનંદ અને

શાંતિ માણે છે. સામૂહિક કાર્યક્રમ પ્રાતઃકાળે સાત વાગ્યાનો રહે છે. (જેમાં ઋતુ પ્રમાણે પરિસ્થિતિજન્ય ફેરફાર થયા કરે છે.) તે છે વંદના (પ્રભાતફેરી) આ વંદનામાં સદ્‌ગુરુ ભગવાન પ્રભુશ્રી યોગેશ્વરજીની અને પૂ. મા ભગવતી સર્વેશ્વરીની બાવની પ્રભાતિયાના રાગમાં ધીમા મધુર સ્વરે સૌ ગાતા ગાતા ધીમે ધીમે (બે–બે ના ક્રમમાં હારબદ્ધ ગોઠવાઇ) શાંત હસ્તિની ચાલે ચાલતા કાર્યાલયથી આરંભાઇ પૂ. માની તપસ્યા સ્થલી પવિત્ર–કુટિયામાં પ્રભુ યોગેશ્વરજી, મા સર્વેશ્વરી, મા જ્યોતિર્મયી, શ્રી રામકૃષ્ણપરમહંસ અને મા શારદાદેવીના સુંદર મનમોહક સુખાસનમાં બિરાજેલાં પૂર્ણકદનાં સ્વરૂપો છે. વંદના સમયે આ સ્વરૂપોનાં બહારથી દર્શન કરતાં સૌના અંતરમાં પ્રભાતના મનોરમ્ય વાતાવરણથી સ્તુતિગાન, દર્શનના પ્રભાવે, સૂર્યકિરણ પડતાં જ જેમ કમળ ખીલે તેમ ભાવસૃષ્ટિ ખીલવા માંડે છે. આ ગાન જાણે બ્રાહ્મમુહૂર્તની વ્યક્તિગત સાધવામાં સાંપડેલી પ્રશાંતિમાં ડૂબેલા સાધકને પ્રેમભક્તિના અમૃતનું પાન કરાવી, ભાવજગતમાં વિહાર કરાવે છે. જાગ્રત કરે છે. ગાનના શબ્દો, સ્વરો પોતાના પરમપ્રિય મા–પ્રભુ પ્રત્યે ભક્તોના મનને, પ્રાણને પ્રવાહિત કરે છે. ભક્તો બાવનીના શબ્દોમાં પોતાના ભાવને આરોપિત કરી ભાવસૃષ્ટિમાં વધુ દૃઢસ્થિતિ કરે છે, પોષણ મેળવે છે.

સૌ ગાન કરતાં કરતાં જ આગળ વધે છે ને છેક સ્વર્ગારોહણના મુખ્યદ્વાર પાસે આવી, પરત કુટિયાની પ્રદક્ષિણા કરે છે. બાવની પૂરી થતાંસુધી આ ક્રમ ચાલે છે. આ વંદનામાં અનુશાસન જોવા મળે છે. સ્વયંશિસ્ત છે, હરોળમાં સૌથી આગળ નાનાં બાળકો પછી બહેનો, માતાઓ, તેમની પાછળ ભાઈઓ, વડીલો



જોડાયેલાં હોય છે. સૌએ આ વંદનામાં ખુલ્લા પગે જ ચાલવાનું હોય છે. ફક્ત દર્દીઓને મોજા પહેરવાની છૂટ હોય છે. ખુલ્લા પગે ચાલતા એક્યુપ્રેસર અને પ્રભાતની ઠંડી જમીનના સ્પર્શનો લાભ મળે છે. જે શરીર સ્વાસ્થ્ય માટે હિતકારી સાબિત થયાં છે.

વંદના ગાનથી શાંતિમાં ડૂબેલા 'સ્વર્ગારોહણ'ના દરેક પ્રાણીપદાર્થો પણ મા–પ્રભુના પ્રેમભર્યા ગાનનો સંસ્પર્શ પામી ક્રિયાશીલ બને છે. આ વંદના સૌને પ્રભુપ્રેમનું અમૃતપાન કરાવી પ્રેમસ્મરણનું ભાથુ બાંધી આપે છે. અને સાધકોને ગાનથી પ્રાણાયામ, શબ્દોથી ભાવ અને ચાલવાથી દેહેન્દ્રિયની હળવી કસરત પણ મળી જાય છે. જે સાધકના સર્વાંગીણ વિકાસમાં જરૂરી સહાયતા પહોંચાડે છે.

સાધક બ્રાહ્મમુહૂર્તની પ્રશાંત અવસ્થામાંથી થોડોક બહાર આવ્યો છે, તે પ્રભુપ્રેમના ગાનથી સર્વોત્તમ એવી પ્રભુપ્રેમથી રસમય બનેલી બહિર્મુખ અવસ્થામાં રહે છે. ભક્ત પ્રભુનો આ ઉપકાર પ્રણામ કરીને માને છે. જે પ્રભુએ સ્વસ્થ તન, મન, પ્રાણ આપ્યાં છે. આધ્યાત્મિક જિજ્ઞાસાની, સુખશાંતિની તૃષા માટેની, ઇષ્ટદેવની પરમ કૃપાની પ્રાપ્તિ અર્થે સર્વ પ્રકારે સાનુકૂળતા ધરી છે એ માટે ભક્ત પ્રણામ કરવા સિવાય બીજું પ્રભુના શ્રી ચરણે શું ધરે? એવો કૃતજ્ઞભાવ પ્રગટતાં પ્રણામ કર્યાવિના રહી શકતો નથી. વંદના પૂરી થતાં સૌ 'યોગકૈવલ્યમ્'માં (મોટા હોલમાં) પધારે છે. અહીં ભગવાન શ્રી મુરલીધર કિશોરકૃષ્ણ, મા સર્વેશ્વરી, યોગેશ્વરજી અને મા જ્યોતિર્મયીનાં પૂર્ણકદના ઊભા સુંદર–ચિત્તાકર્ષક સ્વરૂપો છે. સૌ પ્રણામ કરી ગોઠવાય છે.

પ્રણામ પૂજાની શરૂઆત કરતાં પહેલાં ભક્તો સમૂહમાં પ્રાર્થના

કરે છે. આ પ્રાર્થના પૂ. શ્રી માના અંતરમાંથી પ્રગટેલ છે. જે સૌની જરૂરિયાત છે. તેનું ગાન થાય છે.

"અશુદ્ધિઓનો અંત આણજો, નિર્બળતાનો નાશ કરી દો,
દૂષણો સઘળાં દૂર કરીને, કૃપા કરીને દર્શન દઈ દો."

(આ સર્વ પ્રકારની અશુદ્ધિ, નિર્બળતા, દૂષણો, દૂર થતાં જ સાધકના તન, મન, પ્રાણમાં આધ્યાત્મિકતાના દૈવીગુણોનું—શક્તિઓનું પ્રાકટય થાય છે.) પ્રાર્થના પછી વંદનભક્તિ શરૂ થાય છે. વંદનભક્તિનો મહિમા શ્રીમદ્ ભાગવતમાં વર્ણવ્યો છે. એક પ્રણામ ભાવપૂર્વક શ્રદ્ધાથી કરવામાં આવે તો ૧૦ અશ્વમેધયજ્ઞનું ફળ મળે છે. જો કે અશ્વમેધ યજ્ઞ જો નિષ્કામ ના હોય તો શુભકર્મના ફળરૂપે જીવને બંધન કરનાર થાય છે. પણ આ પ્રણામ તો પ્રભુની સાથે જીવને બાંધનાર છે. જે જીવ પ્રેમની દોરે પ્રભુસાથે બંધાયો તે તો સદાકાળ, પ્રભુપ્રેમનું રસામૃત પીને અલૌકિક આનંદ, શાંતિમાં મસ્ત રહે છે. એથી જ પૂ. માએ ખૂબ જ સમજીવિચારીને સ્વાનુભવે આ પ્રણામભક્તિને મહત્ત્વ આપ્યું છે. અને પ્રણામને પણ સામૂહિક ભક્તિનું રૂપ આપ્યું. સમૂહમાં તનમનથી નબળા, પ્રમાદી, આળસુઓ પણ પ્રણામ કરતા થાય છે અને તન--મન--પ્રાણની અપૂર્વ સ્વસ્થતા પ્રાપ્ત થતાં બીજાને પણ પ્રણામ કરવાની ભલામણ કરવા લાગે છે. પ્રણામના અનેક ફાયદાઓ છે.

સુમધુર સ્વરમાં શાસ્ત્રીય સંગીતના તાલે સદ્ગુરુ ભગવાનના મંત્રગાનની કેસેટ શ્રવણથી પ્રણામભક્તિ સમૂહમાં પ્રારંભાય છે. (આ પ્રણામ પણ કેવી શિસ્ત સાથે થવા જોઈએ, કેવા ભાવ સાથે, પ્રાર્થના સાથે થવા જોઈએ તેની વારંવાર પૂ. માએ વાત કરેલી છે. હાથમાં સમાન્તર હથેળીઓ ભેગી કરીને જોડવા, તે પછી હૃદય-



પ્રદેશ પર તે ગોઠવવા. મસ્તકથી ઉપરનો કદી પણ જોડેલા ના જવા જોઈએ એમાં જેને પ્રણામ કરીએ તેનું અપમાન કરતા હોઈએ તેવું લાગે છે. દરેક પ્રણામે જ્યારે હાથ અને મસ્તક ભૂમિ માતાને સ્પર્શ પામે ત્યારે આપણા પરમપ્રિય પ્રભુના શ્રીચરણોમાં મસ્તક મૂકી ચરણ સ્પર્શ પામી સમર્પણ કરીએ છીએ તેવી ભાવના કરવી. વળી દરેક પ્રણામે પ્રાર્થના પણ જોડી દેવાય. "અપરાધો સર્વે ક્ષમા કરીને, કૃપા કરીને દર્શન દઈ દો." વગેરે. તો પ્રણામ પોતે જ સ્વતંત્ર સાધના બની જાય છે તેવું પૂ. શ્રી માએ કહ્યું છે.)

પૂ. શ્રી માને ભક્તિનાં સર્વ સાધનો ખૂબ ખૂબ પ્રિય છે. પૂ. મા તેને સ્વીકારે છે. અને તેને અનુસરે છે. પ્રણામભક્તિ પૂ. માને અત્યંતપ્રિય છે. આ પ્રણામમાં ઘણીવાર પૂ. મા સાધકોને આનંદ આપવા ઉત્સાહ ધરવા પધારે છે. અને પોતે સમૂહમાં પ્રણામ કરી બતાવે છે કે જુઓ, પ્રણામ કઈ રીતે થાય છે. પૂ. મા નિયમિત ૨૫૧ પ્રણામ પ્રભાતે અને ૨૫ પ્રણામ રાત્રે કરે છે. પૂ. શ્રી માને પ્રણામ કરતાં નિહાળવાં—દર્શન કરવાં તે અમુલખ લ્હાવો છે. હળવા ફુલ જેવા તનુ સાથે ખૂબ ઝડપથી છતાં મૃદુતાથી તન્મય—પ્રભુમય બનીને પૂ. મા પ્રણામ કરતાં હોય છે. પૂ. માનું દર્શન કરતાં પ્રણામ સાથે તાલ મીલાવી પ્રણામ કરતાં સર્વ સાધકોને જોઈ મનમાં થાય કે પૂ. માની ગુરુભક્તિનો ભક્તોપર કેવો અકલ્પનીય પ્રભાવ છે. પૂ. માની ગુરુભક્તિને પ્રેમપ્રણામ કર્યાવિના રહી શકાતું નથી.

પૂ. શ્રી મા કહે છે, "પ્રણામ કરી પ્રભુની પ્રસન્નતા પામો. પ્રણામથી પ્રભુ પ્રસન્ન થાય એ સૌથી મોટો લાભ છે. બીજા પણ ઘણા ફાયદાઓ છે. સતત એકધારા પ્રણામથી પસીનો નીકળે છે.

તે દ્વારા દેહમાંથી અનેક દૂષિત તત્ત્વો બહાર નીકળી જાય છે. વળી પ્રાણાયામ પણ આપોઆપ થઇ જાય છે જેથી નાડીઓમાં પ્રાણ સંચરણમાં ઊભા થતાં વિક્ષેપો દૂર થાય છે. એથી દેહેન્દ્રિયની વિશુદ્ધિમાં અગત્યની મદદ મળે છે. પોતાના ઇષ્ટદેવ સન્મુખ ઊભા છે, ને તેમના શ્રી ચરણોમાં હસ્ત અને મસ્તક મૂકીને સમર્પણ કરીએ છીએ તેવા ભાવસાથે પ્રણામ કરતાં ભાવપૂર્ણ ધારણાનો, ધ્યાનનો અભ્યાસ પણ થઇ રહે છે. પ્રણામ તનની, મનની, પ્રાણની સ્વસ્થતા માટે તેમ જ તે ભક્તિદ્વારા મા–પ્રભુના દેવદુર્લભ શ્રી ચરણોમાં સ્થાન પ્રાપ્ત કરાવનારું સરળ અને શ્રેષ્ઠ સાધન છે. તેમાં તન–મન–પ્રાણનું તપ સહજ સમાયેલું છે. સામાન્ય માનવને માટે પણ પ્રણામ ખૂબ ઉપયોગી છે. તે પ્રમાદ, આળસને દૂર કરે, પેટ, આંતરડાં, કમર, હાથ, ડોક વગેરેને કસરત આપે છે. હૃદય અને ફેફસાંને પણ સક્રિય બનાવી સામાન્ય દર્દોથી મુક્ત કરે છે. ઠંડા પદાર્થો કે ઠંડી હવાના પ્રભાવે 'વા'થી સાંધા પકડાઇ જતા હોય તેવા સંધિવાના દર્દીઓ માટે પણ, દર્દમાંથી મુક્ત કરનાર આ વંદનભક્તિ નાના–મોટા સૌને ઉપયોગી છે. તેના અનેકવિધ ફાયદા છે.

પ્રણામ પછી વિશેષ પ્રાર્થના–(૧. અમોને જ્ઞાન દેનારા ગુરુને લાખ વંદન હો. ૨. એવી બુદ્ધિ દો અમને કે ભલું અન્યનું એથી થાય. ૩. વરદ હસ્ત પ્રભુ તમારો સદાય રહેજો જીવન સહારો.) અને મા–પ્રભુની આરતી (૧. જય જય ગુરુદેવની શક્તિ, વંદુ પુનિત પ્રભાતે. ૨. હું તો આરતી ઉતારુ મા સર્વેશ્વરીની રે) ગવાય છે.

ત્યારબાદ બાળકોને પ્રોત્સાહિત કરવા જાહેર જીવનમાં પ્રભુનું ગાન મુક્ત મને કરતા થાય તે હેતુથી બાળકો પાસે 'ૐ યોગેશ્વરાય નમઃ' અને 'ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ' મંત્રની એક–એક માળા (૧૦૮ વખત નામજપ) ઉચ્ચગાન સાથે કરવામાં આવે છે. આ સમયે પૂ. મા પોતે પદ્માસન વાળે છે. અને હાજર સૌ સાધક ભક્તોને વધુ ના રહી શકાય તો ફક્ત ૧ મિનિટ પણ પદ્માસનમાં બેસવાનું સૂચન કરે છે. ઘણીવાર આ સ્થિતિમાં ધ્યાન પણ પૂ. મા કરાવે છે, કારણ કે પ્રણામ અને પ્રાર્થનામાં પ્રાણશક્તિ ખર્ચાતા દેહ–પ્રાણ, મનમાં શિથિલીકરણની અવસ્થાનું સહેજે નિર્માણ થાય છે. તેથી ધ્યાન માટેની ભૂમિકાનું નિર્માણ આપમેળે થઇ રહે છે. જે સાધકોને માટે મહત્ત્વનું છે. અલગથી શિથિલીકરણની ક્રિયાઓ ના કરવી પડે. નિયમ પ્રમાણે ત્રણ–ત્રણ વાર ઉચ્ચસ્વરે મંત્રગાન કરતાં કરતાં આ બેઠક પૂર્ણ થાય છે.



હવે લગભગ ૧ કલાકનો સમય મળે છે તેમાં સૌ પ્રથમ ૧ ગ્લાસ દૂધની પ્રસાદી ગ્રહણ કર્યાબાદ સૌ પોતાની રીતે સ્વાધ્યાય, પ્રદક્ષિણા, મંત્રજપ, કપડાં ધોવાં વગેરે કાર્યો કરે છે.

બરાબર ૧૦ વાગે ઘંટ વાગતાં વળી સૌ સમૂહ કાર્યક્રમ માટે પ્રાર્થનાખંડ, સત્સંગભવન કે કુટિયામાં પૂ. માની સૂચના પ્રમાણે પોતાનું સ્થાન ગ્રહણ કરે છે. ને ત્યાં સ્વાધ્યાય અર્થે પારાયણ સ્તુતિ વગેરે ગવાય છે. આ ગાનમાં નિત્ય શ્રી યોગેશ્વર લીલામૃત શ્રી યોગેશ્વર અષ્ટક અને દેવીસ્તુતિ ગવાય છે. બાકી વાર પ્રમાણે પૂ. મા એ અન્ય ગાનની વ્યવસ્થા ગોઠવી આપી છે. સોમવારે શિવમહિમ્નઃસ્તોત્ર, મંગળવારે–શ્રી વિષ્ણુ સહસ્રનામ, બુધવારે–સરળગીત, ગુરુવારે–શ્રી સાંઇબાબાની સ્તુતિ, શુક્રવારે–દેવી ક્ષમાપનસ્તોત્ર, યોગેશ્વરવંદના, શનિવારે–શ્રી હનુમાનજીની સ્તુતિ, રવિવારે–શ્રી યોગેશ્વરસ્તવનમાળા અને મા સર્વેશ્વરી સ્તવનમાળા-

નું ગાન થાય છે. વિશેષ સમય સમયપર સાધકોને વૈરાગ્યપ્રધાન બનાવે તેવું ગાન પણ થયાં કરે છે. જેમાં ભર્તૃહરિ વૈરાગ્યશતક, નારદભક્તિસૂત્ર, ચરપટપંજરીકાસ્તોત્ર, ભજગોવિંદમ્ વગેરેનો સમાવેશ થાય છે.

(ક્રમશઃ)


જાનકીનાથ સહાય કરે જબ,
કૌન બિગાડ શકે જન તેરો!

ખુદ ભગવાન જ્યારે મદદ કરે છે ત્યારે કોઇ માનવ તો તેનું શું બગાડી શકે, અરે! બધા જ ગ્રહો પણ પોતાનો પ્રભાવ છોડી પ્રભુની કૃપા સામે હાથ જોડી લાચાર જેમ ઊભા રહી જાય છે. યોગેશ્વરજી

ફોન : ૩૨૧૦૭૦૭, ૩૨૨૧૮૧૦
મોબાઇલ : ૯૮૨૫૧૩૭૩૫૫
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫ ૦૦૧.




# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) શ્રીયોગેશ્વરજી

લગ્ન પછી દેવકીએ પોતાના અંતરાત્માના આહ્લાદની અભિવ્યક્તિ કરતાં વસુદેવને કહ્યું પણ ખરું :

'આખરે આપણે લગ્નસંબંધથી જોડાયાં ખરાં. વિધાતાની કૃપા થઇ ને મારા આત્માને શાંતિ મળી. એવું લાગે છે કે મને જાણે કે મોટું રાજ્ય મળી ગયું.'

'તો શું રાજ્ય નથી મળ્યું?'

'કયું રાજ્ય? મથુરાનું રાજ્ય તો કંસ ચલાવે છે!'

'ભલે ને ચલાવે ને બીજાં રાજ્યો બીજા રાજાઓ પણ ભલે ચલાવે. મારું રાજ્ય તો તને આજે અવશ્ય અને અખંડ રીતે મળ્યું છે.'

'તમારી પાસે વળી કયું રાજ્ય છે?'

'શત્રુઓ જેનો કદાપિ નાશ ના કરી શકે એવું રાજ્ય.'

'મને કાંઇ સમજ ના પડી.'

'તું આટલી બધી સદ્બુદ્ધિસંપન્ન છે તોપણ ના સમજી?'

'ના. નથી સમજી.'

'તો લે હું સમજાવું. એ રાજ્ય કોઇ સ્થૂલ રાજ્ય નથી પરંતુ યાવચ્ચંદ્રદિવાકરૌ ચાલનારું મારા હૃદયનું રાજ્ય છે : મારું જીવનરાજ્ય. મેં તને આજે એ રાજ્યની એકમાત્ર અધિષ્ઠાત્રી,

સામ્રાજ્ઞી કે રાણી બનાવી. બોલ, હવે તને રાજ્ય મળ્યું કે ના મળ્યું?

દેવકી મધુમય સ્મિત કરીને બોલી :

'તમે તો કોઇક ક્રાંતદર્શી કવિ લાગો છો. કોઇ મહાકવિ.'

'તારો સુભગ સંસર્ગ પામીને કોઇ પણ કવિ થઇ જાય તેમ છે, દેવકી! મારામાં તું કવિનું દર્શન કરતી હોઇશ તો હું તારી અંદર મારી કવિતા જોઇ રહ્યો છું. ઈશ્વરે તને મારા જીવનની પ્રેરક, પ્રકાશદાત્રી, કલ્યાણમયી કવિતા કરીને જ મોકલી લાગે છે.'

'પહેલાં તો લગ્ન કરવાની પણ ના પાડતા'તા અને હવે લગ્ન કરીને કવિ બની ગયા છો!'

વસુદેવે આનંદપૂર્વક જણાવ્યું :

'લગ્ન કરીને કેટલાંય કાળજાં કવિકાળજાં અને કેટલીય વ્યક્તિ કવિ બની જાય છે તેની તને ખબર છે? લગ્નનો અવસર એક એવો અનેરો અણમોલ આશીર્વાદરૂપ અવસર છે જે જીવન-ને અનેક અનોખા અવનવા આલાપે ભરે છે, છંદોથી શણગારે છે, ને ભાવોથી ભરપૂર કરે છે. એમાં પ્રવેશીને અકવિ પણ કવિ અને સુકવિ થાય છે.'

દેવકી થોડીવાર શાંત રહીને બોલી ઊઠી :

'આપણો આ આનંદોત્સવ અક્ષય બની રહે એવી અભિ-લાષા છે.'

'એ અક્ષય જ રહેશે, જરૂર રહેશે.'

* * *



એ પછી ક્ષણ બે ક્ષણ વિચારોમાં ડૂબી જઇને વસુદેવે દેવકીને પૂછ્યું :

'સંસારમાં સૌથી વધારે સુખદ અને મધુર શું?

'ગીત.' દેવકીએ ઉત્તર આપ્યો.

'ના.'

'તો પછી સંગીત.'

'ના. તે પણ નહિ.'

'તો પછી નૃત્ય કે નાટક.'

'ના. નૃત્ય કે નાટક પણ નહિ.'

'તો પછી શાસ્ત્રશ્રવણ કે ધર્મોપદેશ.'

'ના.'

'તીર્થાટન?

'એ પણ નહિ.'

'ફોરમથી ભરેલું ફૂલ, નદી કે ઝરણ?

'ના. તારી કલ્પનાને હજુ પણ આગળ દોડાવ.'

'રસના ઘટ જેવો પૂનમનો પૂર્ણ ચંદ્ર અથવા એથી આકર્ષિત કે મંત્રમુગ્ધ બનીને ઊછળનારો અર્ણવ?

'ના.'

'તો પછી વસંત કે વર્ષા?

'તે પણ નહિ.'

'સ્વર્ગ?

'ના. સ્વર્ગ પણ નહિ.'

'તો પછી શૈશવ?'

વસુદેવે નકારાત્મક મસ્તક ધુણાવ્યું એટલે દેવકી બોલી :

'તો પછી તમે જ કહો કે સૌથી વધારે સુખદ અને સુમધુર શું? મારી કલ્પના તો હવે આનાથી આગળ નથી ચાલતી. હા, એક વાતનું સ્મરણ થયું. તમને જેમાં સૌથી વિશેષ રુચિ છે તે લોકસેવા સૌથી અધિક સુખદ અથવા સુમધુર હશે.'

વસુદેવે કહ્યું :

'એ સુખદ અને સુમધુર છે એમાં શંકા નહિ પરંતુ એથી પણ અધિક સુખદ, સુમધુર વસ્તુ નથી એવું થોડું જ છે?'

'તો પછી એ વસ્તુ કયી છે?'

'તારું મુખ અથવા તો તારું રૂપ. એથી અધિક સુખદ અથવા સુમધુર વસ્તુ સમસ્ત સંસાર—અખિલ બ્રહ્માંડમાં બીજી કોઈયે નહિ હોય. સુધાના સદનસરખું તારું મુખ જોતાંવેંત જ અંતરને એટલો બધો અવર્ણનીય આનંદ આપે છે કે વાત નહિ. એનો આસ્વાદ આત્માને શાંતિદાન દે છે અને જીવનને કૃતકૃત્ય કરે છે. એમાં નૃત્ય છે, નાટક છે, ગીત અથવા સંગીત છે; ફૂલની ફોરમ, નદીની નયનાભિરામતા, ઝરણની ઝંકૃતિ, ચંદ્રની ચારુતા અને અર્ણવની આહ્‌લાદકતા છે. વસંત તથા વર્ષાના વીણાવાદનથી એ સુશોભિત છે અને સ્વર્ગના સર્વોત્તમ મહિમાથી મંજિત. શૈશવની સ્વાભાવિક સરળતા તેમ જ સરસતાથી એ સભર છે. એમાં તીર્થોની તાજગી છે ને શાસ્ત્રશ્રવણ કે ધર્માચરણનો અર્ક. કેટલું અદ્દભુત, અમૃતમય, અનેરું છે એ મુખ અને રૂપ?



'અને તમારું મુખ પણ ઓછું અમૃતમય અને આશીર્વાદરૂપ નથી લાગતું? એ કેટલું બધું અદ્દભુત અથવા આનંદજનક અને અનેરું છે એ તો મારું અંતર જ જાણે છે.'

દેવકી ભાવવિભોર બનીને એથી અધિક આગળ ના બોલી શકી.

વસુદેવ પણ શાંત રહ્યા.

બંનેમાંથી કોઈને જાણે કે બોલવાની જરૂર જ ના રહી.

વરવધૂના જીવનમાં મહત્ત્વની કડીરૂપ સમપદીની ક્રિયા કરતી વખતે બંનેનાં અંતર આનંદઘેલાં બનીને ઊછળવા લાગ્યાં.

એ ક્રિયા સાથે એમનું અંગ જ નહિ પરંતુ અંતર, એમના આત્માનું આણુએ આણુ, સૂર પુરાવવા માંડયું.

હસ્તમેળાપ એમના હેતાળ હસ્તનો જ નહિ, હૈયાંનો મેળાપ થઈ પડયો.

વસ્ત્રની જ નહિ, અંતરાત્માની અનુરાગની અતૂટ ગાંઠથી બંને બંધાઈ ગયાં.

એ ક્ષણો કેટલી બધી સુખદ, સ્વર્ગીય કે સ્મરણીય થઈ પડી?

એમણે જીવનમાં કેટલી ક્રાંતિ કરી ને ક્રાંતિ ધરી?

એ ક્ષણોને વસુદેવ નહોતા ભૂલી શક્યા ને દેવકી પણ નહોતી વીસરી શકી.

* * *

દેવકને પોતાની પુત્રી દેવકી પર પુષ્કળ પ્રેમ હતો.

લગ્ન પછી દેવકીને વિદાય આપતી વખતે એણે અઢળક સંપત્તિ પ્રદાન કરી.

એ સંપત્તિમાં સુવર્ણના સુંદર હારથી અલંકૃત ચારસો હાથી, પંદર હજાર ઘોડા, અઢારસો રથ અને રમણીય વસ્ત્રાભૂષણોથી વિભૂષિત બસો સુકુમારી સુંદર દાસીઓનો સમાવેશ થતો હતો.

એ ઉપરાંત, બીજી ભાતભાતની સામગ્રી હતી.

એ સામગ્રીથી દેવકીને સંતોષ તો થયો જ પરંતુ એનો સાચો ને સંપૂર્ણ આનંદ તો વસુદેવરૂપી સજીવ સર્વોચ્ચ સંપત્તિને મેળવવામાં જ સમાયેલો. એ સંપત્તિ આગળ બીજી બધી જ સંપત્તિ એને ગૌણ લાગી.

વસુદેવના સંબંધમાં પણ એવું જ હતું. એમને દેવકી કરતાં બીજી કોઈયે વસ્તુ વિશેષ મૂલ્યવાન નહોતી લાગતી. (ક્રમશઃ)

પ્રભુ પર છોડી દે, જીવન પ્રભુ પર છોડી દે,
પ્રવાહ તારા મનનો કેવળ પ્રભુશું જોડી દે.

યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ–૩૬૦૦૦૨

## * મનનો લય *

ધ્યાન કરતાં કરતાં સૌથી પ્રથમ મનનો લય થાય છે. મનનો લય થતી વખતે જો કોઇ કારણે ભય જેવું લાગે તો ભયભીત બનવું નહીં. મનમાં વિચારવું કે એ ગતિ મૃત્યુ તરફની નથી પરંતુ અમર જીવન તરફની છે. મન સંપૂર્ણ શાંત થઇને સ્વરૂપની પાસે પહોંચી જાય છે. ભય જેવું લાગે તો ભગવાનની પ્રાર્થનાનો આધાર લેવો, અથવા નામસ્મરણ કરવું. તેથી મોટી મદદ મળશે. ધ્યાનમાં મનનો લય આવશ્યક અને આવકારદાયક છે. મનના લયની સિદ્ધિ માટે જીવનને સદ્‌ગુણી અથવા સાત્ત્વિક બનવાનું અત્યંત આવશ્યક છે. મન જો સદ્‌ગુણી અથવા સાત્ત્વિક હોય છે તો ધ્યાનમાં સહેલાઇથી એકાગ્ર થાય છે ને લય પામે છે. મનના લય માટે બીજું સાધન ભક્તિભાવપૂર્વક કરવામાં આવતા મંત્રજપ છે. સતત રીતે કરાતા મંત્રજપથી મન ક્રમશઃ શુદ્ધ થાય છે, સ્થિર બને છે, પોતાના આરાધ્યદેવ પ્રત્યેના પ્રેમથી પરિપ્લાવિત બને છે, અને છેવટે લય પામે છે. મનના લય માટેનું એક સાધન સુદીર્ઘ સમયસુધી કરાતું ધ્યાન છે. સદ્‌ગુરુની અસાધારણ કૃપા અથવા સહાયતાથી પણ મન શાંત થાય છે, સ્થિરતાને ધારણ કરે છે, લય પામે છે, અને લયાવસ્થાની સિદ્ધિને અનુભવે છે.

યોગેશ્વરજી

9892271807
71787

ADHYATMA * Regd. No. GBV 113 * R.N.I.No.71957/99

## * એ જ સાચો બડભાગી છે. *

શરીર બીમાર થાય કે બગડે, શક્તિ રહે કે ના રહે, પૂર્ણતાની પ્રાપ્તિનો સ્વાર્થ સાધ્યા વિના સમજુ માણસને છૂટકો નથી. એવો સ્વાર્થ સાધવાની સમજ જેને ના સાંપડી હોય તેનું જ્ઞાન, બળ કે તેની બુદ્ધિ શા ખપની? સંસારમાં આવીને માણસે ઈશ્વરપ્રાપ્તિ કે પૂર્ણતાની સિદ્ધિ કરી જ લેવાની છે. તે વિનાની લૌકિક પદાર્થોની પ્રાપ્તિ કંઈ જ મહત્ત્વની નથી. તે જ પંડિત છે, તે જ ગુણવાન, જ્ઞાની કે ચતુર છે, જે એ ધ્યેયને પ્રાપ્ત કરીને પૂર્ણ ને મુક્તિને મેળવી લે છે. ધની પણ તે જ છે જે ઉચ્ચ પ્રકારનું આધ્યાત્મિક ધન મેળવી લે છે. જેને એવા ધનની ભૂખ જાગી નથી, તેના જેવો અભાગી માણસ આ દુનિયામાં બીજો કોઈ નથી. પૈસા નહીં હોય તો ચાલશે, પ્રતિષ્ઠા નહીં મળે તોપણ ચાલશે, ને સ્ત્રી–પુત્ર, વૈભવ ને ધન વિના પણ કાંઈ જીવન અટકશે કે અભિશાપરૂપ નહીં બને : પણ આ બધું હશે, પણ જો ઈશ્વરપ્રાપ્તિની ભૂખ નહીં હોય, આત્માની જાગૃતિદ્વારા ભેદ ને અજ્ઞાનનાં આવરણો દૂર નહિ થયાં હોય તો જીવનમાં મોટામાં મોટી ખોટ છે, એ ચોક્કસ જાણવું. મનુષ્ય તરીકે મનુષ્યની ફરજ સૌથી પહેલાં દાનવતાને દૂર કરીને માનવ બનવાની છે, ને પછી પોતાનાં બળબુદ્ધિનો ઉપયોગ પોતાની જ અંદરની પ્રકૃતિને વશ કરી, પ્રભુની પ્રાપ્તિ કરી લઈ, કૃતકૃત્ય ને ધન્ય થવાની છે.

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.